RNI No. GUJGUJ/2011/44815

વર્ષ : 8

સપ્ટેમ્બર - 2019

કિંમત - રૂ.10/-




શ્રી લોહાણા મહાપરિષદનું મુખપત્ર

# શ્રી રઘુકુળ વિશ્વ

અમથા મલકાય અને અમથા છલકાય,
એવા હૈયાના હેત, ચાલ લાવીએ;
થોર-કંથેરિયાની કાંટાળી ઝાડીમાં,
આંબાના ઝાડ, ચાલ વાવીએ !!!





# મનુષ્યત્વની ઉન્નતી કરો, તો સમાજ ઉન્નત થશે

**વ્હાલા સૌ જ્ઞાતિજનો, વડીલો અને યુવા ભાઈ-બહેનો,**
**સૌને જય જલારામ... જય રઘુવંશ... જય મહાપરિષદ**

આપણે 'માતૃદેવો ભવઃ।', 'પિતૃદેવો ભવઃ।', આચાર્યદેવો ભવઃ। જેવા સુવાક્યો અવારનવાર ઉચ્ચારીએ છીએ. જે રીતે માતા, પિતા તેમજ આચાર્ય કે ગુરુ આ ત્રણેયનો મનુષ્યના ઉછેર તથા ઘડતર કે વિકાસમાં ફાળો હોય છે તે જોતાં માતૃ, પિતૃ અને આચાર્ય પદ સાથે દેવનો યોગ થાય તે સ્વાભાવિક છે. કેમ કે મનુષ્યબાળને ઉછેરવો, એને જીવનના કુરુક્ષેત્રમાં સતના પક્ષે અડીખમ રહીને, અસતની સામે ઝૂઝી શકે એવો સબળ બનાવવો એ દેવ કૃત્ય જ લેખાય અને એ રીતે આ ત્રણેયને દેવ પદ આપવું યોગ્ય વિવેક છે. આ માતા, પિતા તથા આચાર્ય ત્રણેય જન્મથી, કર્મથી અને ધર્મથી તો મનુષ્ય જ. એથી સૌનું મૂળ લક્ષ્યમાં લઈને આપણે એ ત્રણેય સુત્રોને 'મનુષ્યદેવો ભવઃ' એ મૂળભૂત સુત્ર સાથે સાંકળીએ.

મનુષ્યદેવો ભવઃ માં મનુષ્ય પ્રત્યેના સદ્‌ભાવનો અર્થ છે. ''મનુષ્ય થવું એ ઘણી મોટી બાબત છે. સુંદરમે કહ્યું છે, ''હું માનવી માનવ થાઉં તો ઘણું'' એમાં પોરુષના ઉત્કર્ષનો, દાનવીરતા ને ધર્મવીરતાનો, સત્યવીરતાનો ભાવ છે. સાથે સાથે એવું પણ કહેવાય છે કે મનુષ્યમાં દેવ અને દાનવ, રામ અને રાવણ એમ બંનેવની સહોપસ્થિતિ જોવા મળે, પરંતુ મનુષ્યને ઓળખાવું ગમે છે સાચપ અને સારપના સદ્‌ગુણોથી. સૌને પ્રિય કરવા અને સૌના પ્રિય થવું એમાં જ સમજાય છે ખરી મનુષ્યતાની પરાકાષ્ઠા. આજે એ વાત પણ માનવી રહી કે આપણી પેઢી દરપેઢીની વિચારસરણી અને મૂલ્યોમાં બદલાવ જોવા મળે, પણ દરિયાદિલી, સમભાવ, સ્નેહ, સકારાત્મકતા, દયા, સહાનુભૂતિ, મદદરૂપ થવાની ભાવના વગેરે જે મનુષ્યત્વને ઉન્નત કરતા સદ્‌ગુણો છે તે રઘુવંશીઓની રગોમાં પેઢીઓથી વહી રહ્યા છે. જરૂરત છે માત્ર ક્યાંક આવેલી ઉણપ કે ઓછાવત્તા થયેલા પ્રમાણને ઉજાગર કરવાની. આની શરૂઆત આપણા પરિવારથી જ કરીએ. તૂટતા જતા કુટુંબ જીવનને બચાવીએ. આપણા વાણી, વર્તન અને આચરણ દ્વારા બાળકોમાં, આપણી નવી પેઢીમાં સંસ્કાર સિંચન કરી આપણે જ ઉદાહરણ બનાવીએ. આપણી નવી પેઢીમાં પરિવારની ભાવના સુદ્રઢ થશે તો જ જ્ઞાતિ કે સમાજ ભાવના પ્રબળ થશે. આવો આપણે સૌ મનુષ્યત્વને ઉન્નત કરવા સદ્‌ગુણોથી પ્રત્યેક રઘુવંશીની પ્રગતિમાં સહભાગી થવા વિવિધ પ્રકલ્પો દ્વારા દાખલા (પ્રયત્નો) કરીએ. ભારતીય સંસ્કૃતિના ઉદ્‌ગાતા શ્રી અરવિંદે લખ્યું છે, ''આપણે સમાજને પ્રગતિ અને ઉન્નતિનું સાધન બનાવવાને બદલે દુરાચાર અને બંધનનું કારણ બનાવી દીધો છે. જો આવું થતું રહેશે તો એ આપણા અધઃપતનનું કારણ બની જશે. તેથી મનુષ્યત્વને ઉન્નત કરો, એના મંદિરનાં દ્વાર ખોલી દો. એની અંદર બેઠેલા ભગવાનનો પ્રકાશ ફેલાવા દો. પછી સમાજ આપોઆપ ઉમદા બની જશે. એનું અંગેઅંગ સુંદર બની જશે. મુક્ત અને ઉમદા આશયોની પ્રવૃત્તિનું સફળ ક્ષેત્ર બની જશે.''

મિત્રો, ભારતના સાતેય વિભાગના ઉપપ્રમુખશ્રીઓ, વિદેશના સૌ ઉપપ્રમુખશ્રીઓ, સંગઠનની જવાબદારી વહન કરી રહેલા સૌ હોદ્દેદારો, દરેકે દરેક પોતાનું કાર્ય બખુબી નિભાવી રહ્યા છો. તે સૌની સારપને સલામ. સ્થાયી સમિતિઓ, શિક્ષણ, આરોગ્ય, પર્યાવરણ, થેલેસેમિયા, પ્રોફેશનલ, વાત્સલ્ય, રમતગમત, સામાજીક સુરક્ષા વગેરે સૌ સમિતિઓના અધ્યક્ષશ્રીઓ પોતાની ટીમ સાથે સમયની માંગ મુજબ પૂરી લગન અને ધગશથી વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા સેવા સંગઠન અને વિકાસ કરી નવી પેઢીમાં જ્ઞાતિભાવના સુદ્રઢ કરી રહ્યા છે તે સૌને વંદન સહ અભિનંદન.... ભાઈઓ-બહેનો, જ્ઞાતિ સેવામાં પ્રવૃત્ત થયેલા આપણે સૌએ દુનિયાના અભિપ્રાયોની દરકાર કરવાની ન હોય. એ કોઈના ઉપર કદી ખુશ થઈ નથી અને થશે પણ નહીં. આપણે આપણા હૃદયને, આપણી નિઃસ્વાર્થ ભાવનાને વફાદાર રહીએ. આપણી સેવાકીય પ્રવૃત્તિ અને સારપના તાર હંમેશા સમધુર રહે એની કાળજી લઈએ. આપણા અંતરઆત્માના માર્ગદર્શન જેવું બીજું કોઈ માર્ગદર્શન નથી. પરોપકારથી મળતા અંતરના આનંદ જેવો બીજો કોઈ આનંદ પણ નથી. આપણા સૌના આ આનંદનો નાદ સદા જીવંત રહે તેવી અભ્યર્થના.

**પ્રવિણ કોટક**
**પ્રમુખ, શ્રી લોહાણા મહાપરિષદ**

વર્ષ : 8
સપ્ટેમ્બર - 2019
અંક : 84
માલિક
**શ્રી લોહાણા મહાપરિષદ**


પ્રકાશક : પ્રવિણ ટી. કોટક
તંત્રી : પ્રોફે. ચંદ્રકાન્ત જે. તન્ના
વ્યવસ્થાપક : હિમાંશુ બી. ઠક્કર

વિભાગીય સંકલકશ્રીઓ :
ગુજરાત : શંકર કતીરા (ડીસા)
સૌરાષ્ટ્ર : અશોક હિંડોચા (રાજકોટ)
કચ્છ : રાજેશ પલણ (નખત્રાણા)
વિદર્ભ સહ મધ્ય ભારત : જયપ્રકાશ વસાણી (નાગપુર)
મુંબઈ સહ મહારાષ્ટ્ર : મુકેશ કોટક (મુંબઈ)
ઉત્તર - પૂર્વ ભારત : મુકેશ ઠક્કર (કટક)
દક્ષિણ-ભારત : ભરત ઠક્કર (કલીકટ)

માર્ગદર્શકશ્રીઓ :
યોગેશભાઈ લાખાણી
લીરૂભાઈ મીરાણી (મુંબઈ)
કનુભાઈ આચાર્ય (ડીસા)
ગીરીશભાઈ દ્રેસવાલા (મુંબઈ)
રમેશચંદ્ર આર. ઠક્કર (ગાંધીનગર)

રજી. કાર્યાલય
બેઝમેન્ટ, ઇસ્કોન મેગા મોલ,
ઇસ્કોન મંદિરની પાસે, એસ. જી. હાઈવે,
સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૫૪.
ફોન : (૦૭૯) ૪૦૦૭૧૦૦૫
વેબસાઈટ : www.lohanamahaparishad.org

લવાજમ
આજીવન લવાજમ (ભારત) : રૂ. ૨૦૦૦/-
આજીવન લવાજમ (ભારતની બહાર) : રૂ. ૮૦૦૦/-
છૂટક પ્રત કિંમત : રૂ. ૧૦/-

સળંગ વર્ષ : 21 સળંગ અંક : 243

**ઈમેઈલ :**
raghukulvishwa@gmail.com
(રઘુકુળ વિશ્વમાં સમાચારો પ્રસિદ્ધ કરવા માટે)
imppressrelease@gmail.com
(અન્ય મુખપત્રોમાં પ્રસિદ્ધ થયેલા સમાચારો માતૃસંસ્થાને મોકલવા માટે)
shreeimpawards@gmail.com
(માતૃસંસ્થા સ્થાપિત આંતરરાષ્ટ્રીય એવોર્ડ્સ માટે નોમિનેશન મોકલવા માટે)
jaymahaparishad@gmail.com
(અન્ય કોઈપણ પ્રકારના પત્રવ્યવહાર માટે)



'શ્રી રઘુકુળ વિશ્વ'માં છપાતી વાંચન સામગ્રી જે તે લેખકનાં પોતાના અભિપ્રાય - વિચારો આધારિત છે. જે બાબતે 'શ્રી રઘુકુળ વિશ્વ' કે શ્રી લોહાણા મહાપરિષદ કોઈ રીતે જવાબદાર રહેશે નહીં તેની સુજ્ઞ વાચકોએ નોંધ લેવી.


## અનુક્રમણિકા


| | |
|---|---|
| માતૃસંસ્થાની અટારીએથી | ૨ |
| તંત્રી સ્થાનેથી | ૪ |
| શ્રી લોહાણા મહાપરિષદ સ્થાપિત આંતરરાષ્ટ્રીય એવોર્ડ્સ - ૨૦૧૯ | ૫ |
| શૈક્ષણિક સ્કોલરશીપ - ૨૦૧૯ | ૮ |
| સ્થાયી સમિતિઓના અહેવાલ | ૯ |
| લોહાણા જ્ઞાતિનાં યુવાનો કેમ આગળ આવતા નથી ? | ૧૪ |
| ત્રિદિવસીય સત્સંગ કાર્યક્રમ | ૧૭ |
| પ્રી-વેડિંગ વાસ્તવમાં સમાજનું એક નવું પ્રદૂષણ | ૧૮ |
| સંસ્થા સમાચાર | ૧૯ |
| શાબાશ રઘુવંશી | ૨૧ |
| આગામી કારોબારી સમિતિની બેઠક | ૨૨ |
| આગામી મધ્યસ્થ મહાસમિતિની રચના બાબત | ૨૩ |
| સૌજન્ય જાહેરાત - બાલાજી ડ્રિમ સિટી હસ્તે : શ્રી જે. ડી. ઠક્કર, અમદાવાદ | ૨૪ |


## શ્રધ્ધાસુમન



### સ્વ. માતુશ્રી મુક્તાબેન ગિરધરલાલ ચગ
### (સ્વાતંત્ર્ય સેનાની)

સુ. શ્રી ભૈરવીબેન યોગેશભાઈ લાખાણીના માતુશ્રી મુક્તાબેન ગિરધરલાલ ચગનું તા. ૨-૮-૨૦૧૯ ના રોજ દેહાવસાન થયેલ છે તે જાણી સમગ્ર રઘુવંશી સમાજ દુઃખની લાગણી અનુભવે છે અને સદ્‌ગતના આત્માને શાંતિ માટે માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ, ટ્રસ્ટી મંડળ, હોદ્દેદારો તથા સર્વે સભ્યશ્રીઓ ભાવાંજલિ અર્પણ કરે છે.



# શ્રી કૃષ્ણને આપણી અંદર જ જન્માવીએ તો !!!

સમગ્ર ભારત વર્ષ તેમજ પૂરાય વિશ્વમાં રહેતા ભારતીય ભાવિકોએ થોડા સમય પહેલાં દેવકી અને વસુદેવના એક પુત્ર શ્રીકૃષ્ણનો જન્મોત્સવ ખૂબ ઉત્સાહ અને ભક્તિભાવપૂર્વક ''નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલ કી''ના મંત્ર નારા સાથે ઉજવ્યો. સદીઓ વીતી ગઈ, છતાં પણ આજેય શ્રીકૃષ્ણ આપણી આસ્થાનું પ્રતીક અને અબાલ-વૃદ્ધ સૌના પ્રિય રહ્યા છે. તેઓ અત્ર, તત્ર અને સર્વત્ર વ્યાપ્ત છે તેવું આપણે માનીએ છીએ.

કૃષ્ણ એટલે બંસરીનો બજવૈયો, રાસનો રચવૈયો, ગીતનો ગજવૈયો, કંસનો કાળ, ગોપ-ગોપીઓના હૃદયનો હાર, પૂરપીડિત વ્રજવાસીઓનો તારણહાર, સંબંધોની શાન, મૈત્રીની આન અને આપેલા વચનની બાન, સમરાંગણનો વીર, ગોપબંધુઓનો ખમીર અને રાષ્ટ્રીય ભાવનાનું હીર. કૃષ્ણ એટલે પૂર્ણ પુરુષોત્તમ, સર્વાંગ સુંદર, સર્વ શુભ લક્ષણયુક્ત, બળવાન અને નિત્ય યુવાન. કૃષ્ણ એટલે કલાવીદ, બહુશ્રુત વિદ્વાન ને અત્યંત બુદ્ધિમાન, તારણહાર, આત્મસંયમી, સુસ્થિર, સહનશીલ અને ક્ષમાશીલ, સર્વ શુભંકર, પરમ હિતકારી, પરમ પ્રતાપી, લોકપ્રિય ને સર્વના માનનીય !

દુનિયાના દરેક ધર્મ અને સંપ્રદાયમાં મનુષ્ય તરીકે જન્મ ધારણ કરી જેમણે લોકોદ્ધારનું કામ કર્યું છે. તેઓને પ્રજાએ અંગત પરબ્રહ્મનું જ એક સ્વરૂપ માનીને દેવ તરીકે સ્થાપીને ઉપાસના કરી છે. દેવો પરનો માણસ જાતનો વિશ્વાસ વ્યક્તિગત અને સામાજીક જિંદગીને સકારાત્મક બનાવે છે. ભગવાન બુદ્ધે કહ્યું - ''જીવન દુ:ખ છે અને દુ:ખનો ઉપાય છે.'' આ ઉપાયની શોધમાં માનવજાત જંગલો, નદીઓ, પહાડો, સાત સમંદર પાર કરી દૂર અંતરીક્ષ સુધી ફરી આવી છે, પરંતુ પૃથ્વીના નકશા પર નજર નાખો તો ક્યાંક આસમાની, તો ક્યાંક સુલતાની આપત્તિઓની માનવજાત પર ભીંસ વધતી જાય છે. મહાત્મા ગાંધીએ લખ્યું છે, ''જ્યારે મારું મન શંકાઓથી ઘેરાઈ જાય, મારા માનસપટલ પર નિરાશા ડોકાય અને દુર સુધી આશાનું કોઈ કિરણ દેખાતું ના હોય ત્યારે હું કૃષ્ણને યાદ કરી ભગવદ્ ગીતા હાથમાં લઉં છું. મારી મૂંઝવણનો ઉકેલ તેના કોઈના કોઈક શ્લોકમાંથી મળી જાય છે, થોડી ક્ષણો પહેલાંની ગ્લાની અલોપ થઈ જાય અને મારા ચહેરા પર પ્રસન્નતા ફરી વળે છે.

શ્રીકૃષ્ણ કોઈ દિવસ કૌરવોના સારથી બને તેવી કલ્પના કરી શકાય ? આપણામાંથી જેની ગતિ અર્જુન બનવા ભણી છે તેનો રથ શ્રીકૃષ્ણ આજે પણ હંકારી રહ્યા છે. જન્માષ્ટમીએ ભલે શ્રીકૃષ્ણનો જન્મ થાય પણ આપણે આપણા માંહ્યલામાં અર્જુનનો જન્મ કરાવવાનો છે તે પછી જુઓ શ્રીકૃષ્ણને લોહચુંબકની જેમ આપણી તરફ ખેંચાઈને આવ્યા સિવાય છૂટકો નથી. કૃષ્ણ ગીતા 'સંભળાવી' નથી દેતા. એ અર્જુનને સખ્યભાવે 'સમજાવી' દે છે. ઉદાહરણ આપીને, એનો આત્મવિશ્વાસ બુસ્ટ કરીને અને એના સવાલોના સસ્મિત શાંતિથી જવાબો આપીને.

મિત્રો, પરમતત્ત્વ (કૃષ્ણ) જેવા ગુણસાગર તો આપણે ન થઈ શકીએ તો તેમાંના થોડાક અપનાવી ગુણગાગર તો થઈએ. બીજાના નિસ્વાર્થ કાર્યોની કદર કરીએ, નિંદા નહીં. પોતાના ધર્મ અને કર્તવ્યનું પાલન કરીએ. સૌ પરત્વે સદભાવ, દીન પ્રત્યે દયાભાવ રાખીએ, લોક વ્યવહારોમાં મધુર વચન બોલીએ, જ્યારે જ્યારે તક મળે ત્યારે નિ:સ્વાર્થ ઉપકારના કાર્યો કરીએ, સમૃધ્ધિને ટાણે નિર્વિકાર રહીએ, બીજાની ઉન્નતિ જોઈ આનંદ પામીએ, સગા-સંબંધીઓ સાથે સ્નેહાળ સંબંધો રાખીએ, સજ્જનો, વડીલો અને સ્ત્રીઓને આદર અને સન્માન આપીએ, મનુષ્યત્વને પાંગરવાની અને કૃષ્ણને આપણી અંદર જ જન્માનવવાની અને સર્વકાલીન રીત આ પંથે જ છવાયેલી છે. સૌને હૃદયપૂર્વક જયશ્રીકૃષ્ણ.

- પ્રોફે. ચન્દ્રકાન્ત જે. તન્ના





# શ્રી લોહાણા મહાપરિષદ સ્થાપિત આંતરરાષ્ટ્રીય એવોર્ડ્સ - ૨૦૧૯

શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા રઘુવંશના ગૌરવની અનુભૂતિ કરાવવા તેમજ સમાજમાં વિવિધ ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરતા વ્યક્તિત્વને પ્રોત્સાહિત કરવા નીચે મુજબના ૧૭ આંતરરાષ્ટ્રીય એવોર્ડ્સ દર વર્ષની જેમ આ વર્ષે પણ એનાયત કરવામાં આવનાર છે. આ એવોર્ડ્સ માટે નિયત ફોર્મમાં નોમીનેશન્સ સંપૂર્ણ દસ્તાવેજી પુરાવા સાથે શ્રી લોહાણા મહાપરિષદના મધ્યસ્થ કાર્યાલય પર મોકલાવવાનું રહેશે. ઉમેદવાર જે વિસ્તાર કે શહેરમાં રહેતા હોય ત્યાંના સ્થાનિક મહાજનશ્રીનો ભલામણ પત્ર તથા ફોર્મમાં સહી-સિક્કા અનિવાર્ય છે. શ્રી લોહાણા મહાપરિષદની એવોર્ડ પસંદગી સમિતિ દ્વારા નક્કી થયે પસંદગી પામેલા ઉમેદવાર/સંસ્થાને આ અંગે ફોન અને ઈમેલથી જાણ કરવામાં આવશે. ડિસેમ્બર-૨૦૧૯ માં ગોંદિયા મુકામે યોજાનાર કારોબારીની બેઠકની સાથે સાથે તા. ૨૮ ડિસેમ્બર, ૨૦૧૯ ના રોજ આંતરરાષ્ટ્રીય એવોર્ડ એનાયત સમારોહમાં આ તમામ પસંદગી પામેલ રઘુવંશી સભ્યોને સન્માનિત કરી એવોર્ડ અર્પણ કરવામાં આવશે. વર્ષ ૨૦૧૯ ના આંતરરાષ્ટ્રીય એવોર્ડ્ઝના નોમિનેશન્સ માટેનું ફોર્મ શ્રી લોહાણા મહાપરિષદની વેબસાઈટ **www.lohanamahaparishad.org પર મૂકવામાં આવેલ છે. સંપૂર્ણ વિગતો સાથે ફોર્મ જમા કરાવવાની છેલ્લી તારીખ ૨૦ ઓક્ટોબર, ૨૦૧૯ રહેશે.**

## ૧) શ્રેષ્ઠ રઘુવંશી યુવા પ્રતિભા એવોર્ડ

**પ્રેરક : સ્વ. શ્રી વિજયભાઈ જમનાદાસ વડેરા (હ. વડેરા પરિવાર, ગોંદિયા)**

**રઘુવંશી સમાજના ઉભરી રહેલા યુવા ધનને પ્રોત્સાહન મળે તેવા શુભ આશયથી દર વર્ષે આ આંતરરાષ્ટ્રીય એવોર્ડ એનાયત કરવામાં આવે છે. અંદાજિત ૩૦ વર્ષ સુધીના યુવાન ભાઈ-બહેનોએ સામાજિક ક્ષેત્રે, રાજકીય ક્ષેત્રે, ધાર્મિક ક્ષેત્રે કે અન્ય કોઈ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિઓ મેળવેલ હોય તેવા ઉમેદવારો આ એવોર્ડ માટે અરજી કરી શકે છે.**

## ૨) શ્રેષ્ઠ રઘુવંશી વરિષ્ઠ નાગરિક પ્રતિભા એવોર્ડ

**પ્રેરક : જ્ઞાતિશ્રેષ્ઠી સ્વ. શ્રી જયંતિભાઈ ગોવિંદજી કુંડલીયા**

**ભારતના નાગરિક તરીકે અને સભ્ય સમાજ માટે થયેલી વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓને ધ્યાનમાં લઈ રઘુવંશી સભ્યને આ એવોર્ડ એનાયત કરવામાં આવે છે.**

## ૩) શ્રેષ્ઠ રઘુવંશી વ્યાપારી પ્રતિભા એવોર્ડ

**પ્રેરક : સ્વ. શ્રી તલકશીભાઈ દલછારામ કોટક ચેરીટેબલ ટ્રસ્ટ**

**(હ. શ્રી પ્રવિણભાઈ કોટક તથા શ્રી જયેશભાઈ કોટક)**

**શૂન્યમાંથી સર્જન કરી વેપારી ક્ષેત્રે નામના મેળવેલા અને સાથે સાથે સામાજિક ક્ષેત્રે પણ યોગદાન આપતા રઘુવંશી જ્ઞાતિશ્રેષ્ઠીઓને આ એવોર્ડ એનાયત કરવામાં આવે છે.**

## ૪) શ્રેષ્ઠ રઘુવંશી સંશોધક પ્રતિભા એવોર્ડ

પ્રેરક : સ્વ. શ્રી સુશીલાબેન હરીભાઈ ઠક્કર (હ. શ્રી ઉમંગભાઈ હરિભાઈ ઠક્કર)

પોતાના કૌશલ્ય અને શૈક્ષણિક કારકિર્દી થકી કોઈપણ ક્ષેત્રમાં શોધ અને સંશોધન થકી નામના મેળવનાર રઘુવંશીને આ એવોર્ડ એનાયત કરવામાં આવે છે.

## ૫) શ્રેષ્ઠ રઘુવંશી બાળ પ્રતિભા એવોર્ડ

પ્રેરક : શ્રીમતી શાંતાબેન વ્રજદાસ દત્તાણી (હઃ દત્તાણી ફાઉન્ડેશન ટ્રસ્ટ, કોલકાતા/મુંબઈ)

દસ વર્ષ કે તેથી ઓછી ઉંમરના બાળકોને સંગીત, કલા, સાહિત્ય, રમતગમત કે અન્ય વિશિષ્ટ ક્ષેત્રે મેળવેલી સિદ્ધિઓ બદલ બાળકને પ્રોત્સાહિત કરવા માટે આ એવોર્ડ એનાયત કરવામાં આવે છે.

## ૬) શ્રેષ્ઠ રઘુવંશી સાહસિક પ્રતિભા એવોર્ડ

પ્રેરક : શ્રી પ્રફુલ્લભાઈ સેજપાલ પરિવાર (કુન્નુર)

જાહેર જીવનમાં તેમજ સામાજિક ક્ષેત્રે કોઈ પણ પ્રકારના સાહસિક પગલાં લઈ સેવાના વિશેષ કાર્યો અથવા સાહસિક રમતગમત ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરવા બદલ આ એવોર્ડ એનાયત કરવામાં આવે છે.

## ૭) શ્રેષ્ઠ રઘુવંશી વ્યવસાયિક પ્રતિભા એવોર્ડ

પ્રેરક : સ્વ. શ્રીમતી પાર્વતીબેન નરસીદાસ કાથરાણી (હ. શ્રી મણિલાલ એન. કાથરાણી)

વિજ્ઞાન અને ટેક્નોલોજીનો ઉપયોગ કરી કૌટુંબિક વ્યવસાયને અથવા નાના પાયા પર શરૂ થયેલા વ્યવસાયને ઉચ્ચત્તમ કક્ષાએ લઈ જઈ સુવિખ્યાત બનાવવા બદલ આ એવોર્ડ એનાયત કરવામાં આવે છે.

## ૮) શ્રેષ્ઠ રઘુવંશી કલા પ્રતિભા એવોર્ડ

પ્રેરક : મજીઠીયા ફાઉન્ડેશન ટ્રસ્ટ (હ. શ્રી નવિનભાઈ મજીઠીયા)

કલા, સંગીત, નૃત્ય, ફોટોગ્રાફી કે આ પ્રકારના અન્ય ક્ષેત્રોમાં આગવું પ્રદર્શન કરવા બદલ આ એવોર્ડ એનાયત કરવામાં આવે છે.

## ૯) શ્રેષ્ઠ રઘુવંશી કન્યા / કુમાર છાત્રાલય એવોર્ડ

પ્રેરક : મજીઠીયા ફાઉન્ડેશન ટ્રસ્ટ (હ. શ્રી નવિનભાઈ મજીઠીયા)

સુંદર વ્યવસ્થા, સંચાલન અને વિવિધ પ્રકારની ઈત્તર પ્રવૃત્તિઓ દ્વારા રઘુવંશને સંગઠનને પણ મજબૂતી આપતા સુંદર છાત્રાલયોને આ એવોર્ડ એનાયત કરવામાં આવે છે.

## ૧૦) શ્રેષ્ઠ રઘુવંશી ગૌસેવા કેન્દ્ર / ગૌસેવક એવોર્ડ

પ્રેરક : પ. પૂ. પ્રાતઃ સ્મરણીય સંત શ્રી હરીરામ બાપા પ્રેરિત (શ્રી હરીરામ સેવા કેન્દ્ર, અમદાવાદ)

ભારતીય સંસ્કૃતિની ધરોહર એવી ગૌમાતાના સંવર્ધન માટે વિવિધ પ્રકારે કાર્ય કરતા વ્યક્તિઓ કે સંસ્થાને આ એવોર્ડ એનાયત કરવામાં આવે છે.

## ૧૧) શ્રેષ્ઠ રઘુવંશી નારી ગૌરવ પ્રતિભા એવોર્ડ

પ્રેરક : શ્રીમતી કમલબેન કિશોરભાઈ ભજીયાવાલા (વડેરા), સુરત હસ્તે : કિશોરભાઈ મંગળજીભાઈ ભજીયાવાલા

સામાજિક ઉત્થાન માટે વિશેષ પ્રકારની ઝુંબેશ, અભિયાન કે સંઘર્ષ કરી પ્રગતિ કરેલ મહિલા સભ્યને આ એવોર્ડ એનાયત કરવામાં આવે છે.



## ૧૨) શ્રેષ્ઠ રઘુવંશી વિશિષ્ટ પ્રતિભા એવોર્ડ

પ્રેરક : મજીઠીયા ફાઉન્ડેશન ટ્રસ્ટ (હ. શ્રી નવિનભાઈ મજીઠીયા)

સામાજિક ક્ષેત્રે પદાર્પણ કરી વિશિષ્ટ સેવા કે પ્રવૃત્તિઓ દ્વારા રઘુવંશનું નામ રોશન કરવા બદલ આ એવોર્ડ એનાયત કરવામાં આવે છે.

## ૧૩) શ્રેષ્ઠ લોહાણા મહાજન એવોર્ડ

પ્રેરક : શ્રી કિશોરભાઈ આથા પરિવાર (આથા ગ્રુપ)

વિવિધ સેવાકીય તથા રચનાત્મક પ્રવૃત્તિઓ કરી સમાજના તમામ પરિવારોને સાથે રાખી વિવિધ પ્રવૃત્તિઓ કરતા મહાજનને આ એવોર્ડ એનાયત કરવામાં આવે છે.

## ૧૪) શ્રેષ્ઠ રઘુવંશી માનવ સેવા પ્રતિભા એવોર્ડ

પ્રેરક : શ્રી દક્ષા દિપક વાઘાણી ટ્રસ્ટ

નિઃસ્વાર્થ ભાવે માનવ સેવાની પ્રવૃત્તિઓ કરતા વ્યક્તિત્વને આ એવોર્ડ એનાયત કરવામાં આવે છે.

## ૧૫) શ્રેષ્ઠ રઘુવંશી મહિલા પ્રતિભા એવોર્ડ

પ્રેરક : શેઠ શ્રી કિશોરભાઈ મંગળજીભાઈ ભજીયાવાલા (વડેરા), સુરત હસ્તે : જીજ્ઞેશભાઈ કિશોરભાઈ ભજીયાવાલા

સમસ્ત રઘુવંશી મહિલાઓ માટે ગૌરવરૂપ કાર્યો કોઈપણ ક્ષેત્રે કરનાર મહિલા પ્રતિભાને આ એવોર્ડ એનાયત કરવામાં આવે છે.

## ૧૬) શ્રેષ્ઠ રઘુવંશી પત્રકારત્વ એવોર્ડ

પ્રેરક : સુશ્રી મંગળાબેન હસમુખભાઈ કારીયા, વી.વી.નગર, હસ્તે : તેજલ પરેશ કારીયા

સમસ્ત રઘુવંશી સમાજ માટે અખબાર જગત મીડીયા અને પ્રેસ સાથે કાર્ય કરતા રઘુવંશી સભ્યોને નિઃસ્વાર્થ, સમાજના ઉત્કર્ષ માટે સમર્પિત અને સમાજના સંગઠન અને વિકાસમાં સેતુરૂપ કાર્ય કરતા પત્રકાર / પ્રકાશક / સંપાદક / તંત્રીને આ એવોર્ડ એનાયત કરવામાં આવે છે.

## ૧૭) રઘુવંશી મહર્ષિ એવોર્ડ

પ્રેરક : શ્રી જલારામ સેવા ટ્રસ્ટ, બેંગ્લોર

રઘુવંશી સમાજને આધ્યાત્મિક, ધાર્મિક અને સેવાકીય બળ પૂરું પાડનાર ઋષિ સમાન વ્યક્તિત્વને આ એવોર્ડ એનાયત કરવામાં આવે છે. આ એવોર્ડ માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા આધ્યાત્મિક ચેતનાના પ્રસારક વ્યક્તિત્વને અર્પણ કરવામાં આવે છે જેના માટે કોઈ નોમિનેશન્સ મંગાવવામાં આવતા નથી.







# સ્વ. રોનક પ્રતાપરાય દત્તાણી એજ્યુકેશન ફાઉન્ડેશન અંતર્ગત
# શૈક્ષણિક સ્કોલરશીપ - ૨૦૧૯

જય જલારામ... જય રઘુવંશ... જય મહાપરિષદ...



શૈક્ષણિક વર્ષ ૨૦૧૯માં નિર્ધારિત સમયમાં પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક તથા સ્નાતક કક્ષાએ અંદાજિત ૨૦૦૦ જેટલા સ્કોલરશિપની ફોર્મ્સ પ્રાપ્ત થયેલા છે જેમાંથી જે જે મહાજનશ્રીઓના ૩૦ ટકા સહયોગ પ્રાપ્ત થયા છે તે તમામ મહાજનશ્રીઓને બાકીના ૭૦ ટકા રકમ સહયોગ માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ તરફથી ઉમેરી ૧૦૦ ટકા રકમના ચેકો મોકલી આપવામાં આવેલ છે. આ ભગીરથ કાર્યમાં ફોર્મ ચકાસણી તથા યોગ્ય ખરાઈ માટે સ્કોલરશિપ યોજનાના કન્વીનર શ્રી શશીકાંતભાઈ કાનાણી તથા કાર્યાલય મંત્રી શ્રી જીતેન્દ્રભાઈ કારીયા દ્વારા આ સમગ્ર પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવેલ છે. આ ભગીરથ કાર્યમાં વિદ્યાર્થીઓને સહાય માટે મદદરૂપ થવા અંદાજે રૂા. ૩૫ લાખ જેટલી ધનરાશિના ગ્લોબલ લોહાણા કન્વેન્શનમાં દુબઈ મુકામે સમાજશ્રેષ્ઠીઓ શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણી, શ્રી વિજયભાઈ કારીયા, માતૃસંસ્થાના ટ્રસ્ટી શ્રી મોહનભાઈ ઠક્કર, શ્રી રસિકભાઈ ઠકરાર, શ્રી રૂપાંગભાઈ સચદે, શ્રી કેતનભાઈ કોટેચા (કોંગો) તથા તમામ ડેલિગેટ્સ સભ્યો પાસેથી ડેલિગેશન સૌજન્ય તરીકે પ્રાપ્ત થયેલ રકમ રૂા. ૫૦૦૦/- માંથી સોવેનિયર, બેગ તથા કીટ, ફોટોગ્રાફી, વિડિયોગ્રાફીના ખર્ચને બાદ કરતા બચત થયેલ અંદાજિત ચાર લાખ રૂપિયા જેટલી રકમ પણ આ ભગીરથ કાર્ય માટે સદ્ઉપયોગમાં લેવાઈ છે તે માટે તમામ દાતાશ્રીઓ તથા ડેલિગેટ્સ સભ્યશ્રીઓને પણ આભાર સહ અભિનંદન...

અત્રે ઉલ્લેખનીય છે કે આ સિવાય પણ ઉચ્ચ શિક્ષણ માટે તથા આરોગ્ય સહાય માટે માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા નીતિનિયમોને આધિન રૂા. ૧ લાખની મર્યાદામાં આ સહાય ચૂકવવામાં આવે છે જેમાં શ્રી ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટ - મુંબઈ, શ્રી ધર્મેશભાઈ હરિયાણી તથા અન્ય દાતાશ્રીઓનો સતત સહયોગ મળતો રહે છે. દુબઈ મુકામે યુ.કે. સ્થિત લોર્ડ ડોલર પોપટ તેમજ આફ્રિકા સ્થિત શ્રી સુધીરભાઈ રૂપારેલિયા તરફથી પણ માતૃસંસ્થા માટે જાહેર કરાયેલ અનુદાન બદલ ખુબ ખુબ ધન્યવાદ અને અભિનંદન.

- કાર્યાલય

## આગોતરી જાણ

### શ્રી લોહાણા મહાપરિષદની આગામી કારોબારી સમિતિની બેઠક

માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકની ટર્મની દસમી કારોબારી સમિતિની બેઠક ગોંદિયા, મહારાષ્ટ્ર મુકામે તા. ૨૯ ડિસેમ્બર, ૨૦૧૯ ને સવારે ૯.૩૦ કલાકેથી ગોંદિયા લોહાણા મહાજન તથા શ્રી મોરારજી ત્રિભોવનદાસ વડેરા ચેરીટેબલ ટ્રસ્ટ, ગોંદિયાના યજમાન પદે યોજાશે. વધુ માહિતી માટે પેજ નં. ૨૨

## પર્યાવરણ સમિતિ

**પાણી બચાવો, જીવન બચાવો**

## માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની પર્યાવરણ સમિતિને મ્યુ.કોર્પોરેશન અમદાવાદ દ્વારા પણ પ્રોત્સાહનરૂપે પશ્ચિમ અમદાવાદમાં પ્લોટની ફાળવણી - ''જલારામ વૃક્ષ મંદિર'' અંકુરિત થયું



તા. ૨૧-૭-૧૯ ના રોજ અમદાવાદ ખાતે અમદાવાદના મેયરશ્રી શ્રીમતી બીજલબેન પટેલ દ્વારા પર્યાવરણ સમિતિ શ્રી લોહાણા મહાપરિષદ સંચાલિત અમદાવાદના સર્વપ્રથમ વૃક્ષમંદિર ''શ્રી જલારામ વૃક્ષ મંદિર'' ખૂલ્લું મુકવામાં આવ્યું. આ પ્રસંગે શ્રી લોહાણા મહાપરિષદની પર્યાવરણ સમિતિ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું. આ વૃક્ષારોપણમાં કાર્યક્રમની શરૂઆતમાં મંચસ્થ મહેમાનોનું ''ગ્રીન ખેસ'' પહેરાવી સ્વાગત કરવામાં આવેલ. મેયર શ્રીમતી બીજલબેન પટેલે વૃક્ષો આપણા જન્મથી મૃત્યુ સુધી સતત આપણને ઉપયોગી થતા રહે છે જે વિશે વિસ્તૃત સમજણ આપેલ. માતૃસંસ્થાના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે ગ્લોબલ વોર્મિંગના આજના આ સમયમાં વૃક્ષોની ભૂમિકા બાબતે પોતાના વિચારો રજુ કર્યા. પ.પૂ. જાનકીદાસ બાપુએ પર્યાવરણ સમિતિને ''જલારામ વૃક્ષ મંદિર''ના અભિગમ બદલ આશીર્વચન પાઠવેલ. શ્રી કિરીટભાઈ ભીમાણીએ મેયરશ્રી બીજલબેન પટેલનો જગ્યાની ફાળવણી તથા પૂરક સેવાઓ આપવા બદલ આભાર માન્યો સાથે સાથે જ અપીલ કરી કે જો સાથેનો પ્લોટ અમોને આ જ રીતે ફાળવવામાં આવે તો અમો અમદાવાદને ''આયુર્વેદિક ઉદ્યાન''ની ભેટ આપીશું. માતૃસંસ્થાના રાષ્ટ્રીય મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે પોતાના વક્તવ્યમાં પર્યાવરણ સમિતિની પ્રવૃત્તિઓને બિરદાવેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પર્યાવરણ સમિતિના રાષ્ટ્રીય મંત્રી શ્રી ભાવિનભાઈ જોબનપુત્રા દ્વારા કરવામાં આવેલ તથા આભારવિધિ ગુજરાત ઉપાધ્યક્ષ શ્રી નિલેશભાઈ ઠક્કર દ્વારા કરવામાં આવેલ. પર્યાવરણ સમિતિ શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા ઉપસ્થિત સૌને 'ગો ગ્રીન'' નો કોલ આપવામાં આવેલ. કાર્યક્રમના અંતે હળવો નાસ્તો લઈ સૌ પર્યાવરણ પ્રેમી છૂટા પડ્યા.





## શ્રી ભાગવત વિદ્યાપીઠ સંકુલમાં શ્રી ભાગવત વિદ્યાપીઠ સંચાલિત શિક્ષાશાસ્ત્રી મહાવિદ્યાલયમાં સંસ્કૃત મહોત્સવ દરમિયાન વૃક્ષારોપણ તથા ઋષિકુમારો સાથે પરિસંવાદ

શ્રી ભાગવત વિદ્યાપીઠ ટ્રસ્ટ શિક્ષાશાસ્ત્રી (બી.એડ.) મહાવિદ્યાલય, સોલા અમદાવાદ ખાતે સંસ્કૃત મહોત્સવ તા. ૧૨ ઓગસ્ટ, ૨૦૧૯ થી તા. ૨૧ ઓગસ્ટ, ૨૦૧૯ સુધી ઉજવાયો. સંસ્કૃત મહોત્સવના ઉદ્‌ઘાટન પ્રસંગે શ્રી જગન્નાથ



મંદિરના મહામંડલેશ્વર શ્રી પ.પૂ. દિલીપદાસજી મહારાજ તેમજ ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, પ.પૂ.શ્રી ભાગવત ઋષિજી અને ટ્રસ્ટી શ્રી પી.કે. લહેરી સાહેબની પાવન ઉપસ્થિતિમાં શિવ અભિષેક અને દીપ પ્રાગટ્યથી મંગલ પ્રારંભ થયો. આ સાથે લોહાણા મહાપરિષદની પ્રેરક ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન થયું અને વૃક્ષો અને પર્યાવરણના જતન કરવાના સંકલ્પો લેવામાં આવ્યા.



પ.પૂ.શ્રી ભાગવત ઋષિજી દ્વારા સૌ મહાનુભાવોનું શાબ્દિક તેમજ પરંપરાગત રીતે સ્વાગત કરવામાં આવ્યું અને મહામંડલેશ્વર શ્રી પ.પૂ. દિલીપદાસજી મહારાજે શિક્ષાશાસ્ત્રીના પ્રશિક્ષણાર્થીઓને આશીર્વચન આપ્યા અને તેમને સંસ્કૃત અને સંસ્કૃતિના રક્ષક ગણાવ્યાં. માનનીય શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ભવિષ્યમાં બનનારા સંસ્કૃત શિક્ષકોને નવી નીતિ અંગે વાત કરી. તેમની ફરજો અને જવાબદારીથી વાકેફ કર્યા. તેમને ખરા અર્થમાં મૂલ્યના સંરક્ષક બનવા માટે પ્રેરણા આપી. શ્રી લોહાણા મહાપરિષદ અને પર્યાવરણ સમિતિના સહયોગથી વૃક્ષારોપણ કાર્યક્રમ કરવામાં આવ્યો.



આ કાર્યક્રમમાં શ્રી લોહાણા મહાપરિષદના મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર ઉપસ્થિત રહ્યા હતા સાથે તેમને ઋષિકુમારો આજે લુપ્ત થઈ રહેલી સંસ્કૃત ભાષાની જાળવણી માટે ઋષિકુમારોને પ્રેરિત કર્યા હતા. સાથે સંસ્કૃતનું મહત્વ આપણા દેશમાં આદિ-અનાદિકાળથી ચાલી રહ્યું છે. તે લુપ્ત ન થાય તે માટે તેને જાળવણી રાખવાના પ્રયત્નો કરવા જોઈએ. શ્રી લોહાણા મહાપરિષદના સેક્રેટરી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે ઋષિકુમારોથી પ્રભાવિત થઈને અંબાજી તથા માઉન્ટ આબુમાં ચિંતન શિબિર કરવા માટેનું આમંત્રણ આપ્યું હતું. પર્યાવરણ સમિતિના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણીએ ઋષિકુમારોને વૃક્ષ વાવી ધરતીને લીલીછમ રાખીએ તેવા શપથ લેવડાવ્યા હતા. આ કાર્યક્રમમાં જયશીલ ચેરીટેબલ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી મહાસુખભાઈ ઠક્કરે ઋષિકુમારોને વૃક્ષ વિશે ઉત્તમ ઉદાહરણ આપતાં કહ્યું હતું કે છોડમાં રણછોડ અને વૃક્ષમાંથી કૃષ્ણની વાંસળીનો જન્મ થાય છે એવી રીતે વૃક્ષનું મહત્ત્વ સમજાવ્યું હતું તથા શ્રી નિલેશભાઈ ઠક્કર, ઉપાધ્યક્ષ પર્યાવરણ સમિતિ, ગુજરાત વિંગ તથા પર્યાવરણ સમિતિના રાષ્ટ્રીય કારોબારી સભ્યો શ્રી વિજયભાઈ ઠક્કર, શ્રી અલ્પેશભાઈ ગોવાણી, શ્રી અમિતભાઈ ઠક્કર, શ્રી રોહિતભાઈ ઠક્કર, મેડ એનજીઓના સભ્યો શ્રી મુકેશભાઈ ગોવાણી, શ્રી દેવાંશ ગોવાણી તથા પર્યાવરણ પ્રેમીઓ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. નવ વર્ષના બાળક દેવાંશ ગોવાણી નાની ઉંમરમાં વૃક્ષ વિશે સુંદર માહિતગાર કર્યા હતા સાથે પર્યાવરણના જતન માટે મેસેજ પણ આપ્યો હતો. કાર્યક્રમના અંતે આભારવિધિ દરમ્યાન ડા.જલ્પેશભાઈ મહેતાએ વૃક્ષનારાયણ ભગવાનની કથા કરવામાં આવે તો ખરેખર લોકોને વૃક્ષનું મહત્ત્વ સમજાય તેવી વિનંતી કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું નેતૃત્વ કરી રહેલા શ્રી ડા. રામેશ્વરદાસ હરિયાણીએ સમગ્ર શ્રી ભાગવત વિદ્યાપીઠ ટ્રસ્ટ શિક્ષાશાસ્ત્રી (બી.એડ.) મહાવિદ્યાલય સ્ટાફ પરિવાર વતી દરેક મહાનુભાવોનો કાર્યક્રમ સફળ બનાવવા બદલ આભાર પ્રગટ કર્યો હતો.

સંકલન : કિરીટભાઈ ભીમાણી મો. ૯૯૦૯૦૧૦૯૫૧, ભાવિનભાઈ જોબનપુત્રા મો. ૮૦૦૦૪૮૨૦૦૭



# રમતગમત સમિતિ



માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની સ્થાયી સમિતિ - રમતગમત સમિતિની રાષ્ટ્રીય બેઠક માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના અમદાવાદ સ્થિત શ્રી ખીમજી ભગવાન આરસીટી ભાગવત અતિથિ ભવનના કોન્ફરન્સ રૂમમાં તા. ૧૪ સપ્ટેમ્બર, ૨૦૧૯ ના રોજ સાંજે ૪.૦૦ થી ૭.૩૦ કલાક સુધી યોજાઈ. રમતગમત સમિતિના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી પિયુષભાઈ મજીઠીયાએ માતૃસંસ્થાના મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર, સંયુક્ત મંત્રી શ્રી હર્ષદરાય ઠક્કર અને ઉપસ્થિત સૌ સભ્યોનું શાબ્દિક સ્વાગત કરી રજિસ્ટ્રેશન બાદ રઘુવંશી ધ્વજવંદન ગીતથી મીટીંગની શરૂઆત થઈ. રમતગમત સમિતિના રાષ્ટ્રીય મંત્રી શ્રી પ્રકાશભાઈ ઠકરારે રમતગમત સમિતિ દ્વારા ચાલી રહેલી પ્રવૃત્તિઓ, ભાવિ આયોજનો અને વિકલ્પો અંગે આછેરી ઝલક આપી સૌ ઉપસ્થિત સભ્યોને પોતપોતાના વિચારો અને મંતવ્યો માટે આમંત્રિત કર્યા હતા. આ બેઠકમાં કચ્છ ગાંધીધામથી શ્રી રોહિતભાઈ અનમ, શ્રી નિર્ભયભાઈ ઠક્કર, રાજકોટથી શ્રી ગીરીશભાઈ મોનાણી, શ્રી પિયુષભાઈ કુંડલીયા, વડોદરાથી શ્રી ભાવિનભાઈ પોપટ, મુંબઈથી શ્રી વિશાલભાઈ ઠક્કર, કલકત્તાથી શ્રી પરેશભાઈ બેટાઈ, શ્રી વિવેકભાઈ ઠક્કર, કટકથી શ્રી નિશાંતભાઈ મજીઠીયા, પોરબંદરથી શ્રી દિલીપભાઈ ગાંધી તથા શ્રી જયેશભાઈ માંવડિયા ઉપસ્થિત રહ્યા હતા. સો ઉપસ્થિત સભ્યોએ તલસ્પર્શી ચર્ચા કરી નવા સભ્યોને આ પ્રતિયોગિતામાં જોડાવાની તક મળે તે માટે ક્રિકેટ ટુર્નામેન્ટમાં ૧૫ વર્ષથી ૩૫ વર્ષ સુધીના ખેલાડીઓને જ અગ્રીમતા આપવી, આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટમાં રચાતી ટીમમાં અલગ અલગ ગામ - શહેરના ખેલાડીઓને અગ્રીમતા આપવી અને કોઈ પણ એક શહેરમાંથી ત્રણથી વધુ સભ્યો શક્યતઃ ન સમાવવા, મહિલા વિભાગ સાથે સંકલન કરી મહિલાઓ માટે પણ રમતગમતનું આયોજન કરવા, ક્રિકેટની સાથે સાથે અન્ય રમતોની પ્રતિયોગિતા શરૂ કરવા તથા વિવિધ મહાજનો તથા સંસ્થાઓમાં રમતગમતની પ્રવૃત્તિઓને વેગ મળે તે માટે શ્રી લોહાણા મહાપરિષદ તરફથી પ્રોત્સાહન પુરું પાડવા જેવા અનેક વિષયો ઉપર ચર્ચાને અંતે સૈદ્ધાન્તિક નિર્ણયો લેવાયા હતા.

આ મીટીંગમાં માતૃસંસ્થાના પૂર્વ પ્રમુખ, ટ્રસ્ટી અને ગવર્નર શ્રી યોગેશભાઈ લાખાણી તથા ટ્રસ્ટી અને વાઈસ ગવર્નર શ્રી પરેશભાઈ ભૂપતાણી પણ રમતગમત સમિતિના અધ્યક્ષ શ્રી પિયુષભાઈ મજીઠીયાના આમંત્રણને માન આપી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને સૌનું માર્ગદર્શન કર્યું હતું. મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે રમતગમત સમિતિના તમામ સભ્યોને મહાજનશ્રીઓ સાથે સંકલન વધુ સુદૃઢ બનાવવા વધુ ને વધુ મહાજન સ્થાનિક, રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય પ્રતિયોગિતામાં જોડાય તે માટે સતત અનુરોધ કર્યો હતો. શ્રી પરેશભાઈ ભુપતાણીએ બાળધન, યુવાધન અને નારીશક્તિ ઓછા ખર્ચમાં વધુ સારી રીતે સંગઠિત થાય તે માટે આપણી મહાજનવાડીઓ સાથે સંકલન કરી જૂની અને વિસરાતી જતી રમતોને પણ ઉજાગર કરવા અનુરોધ કર્યો હતો. શ્રી યોગેશભાઈ લાખાણીએ પણ પોતાના ઉદ્‌બોધનમાં આ રમતોના માધ્યમથી જીવન ઘડતર અને કોઈ પણ રમતમાં મુખ્યત્વે અનિશ્ચિતતા (Uncertainity) અને પ્રદર્શન (Performance) ને ધ્યાનમાં રાખી આગળ વધવા અનુરોધ કર્યો હતો. જીત કરતા સંગઠન અને ખેલદિલી માટે રમાયેલી રમત એ વધુ અગત્યની બાબત છે તેમ પણ તેઓએ જણાવ્યું હતું. માતૃસંસ્થાના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે પણ રમતગમત સમિતિના હોદ્દેદારો સાથે ચર્ચા કરી સૌને શુભેચ્છા પાઠવી હતી અને રમતગમત સમિતિ દ્વારા ચાલી રહેલ પ્રવૃત્તિઓને વેગવંતી બનાવી યુવાનો માટે સંગઠન ઊભું કરવા બદલ ખુબ ખુબ ધન્યવાદ પાઠવ્યા હતા. લગભગ રાત્રે ૯.૦૦ કલાકે સૌ ભોજન પ્રસાદ લઈ અનુકૂળતા મુજબ રાત્રે અથવા વહેલી સવારે પોતપોતાના ગંતવ્યસ્થાને જવા રવાના થયા હતા.

**અહેવાલ સંકલન : પ્રકાશ ઠકરાર, ગોંડલ**









# થેલેસેમિયા નાબૂદી અભિયાન



**થેલેસેમિયા ૧૦૦% નાબૂદી માટે દરેક જ્ઞાતિનાં વડીલો જાગો ઊઠો...**

**તમારા વહાલા સંતાનોને આ ભયંકર રોગમાંથી તમો જ બચાવી શકશો...**

**પહેલા થેલેસેમિયા ટેસ્ટ પછી જ કુંડળી મેળાપ અને સગાઈ સગપણ...**

**આપની અજ્ઞાનતા જ આપનાં બાળકને જીવનભર લોહી ચઢાવવા પર મજબૂર કરી શકે છે.**

**રોગની ભીતરમાં:** થેલેસેમિયા, સિક્લસેલ એનિમીયા અને હિમોફીલીયા ત્રણેય લોહીનાં વારસાગત, અસાધ્ય અને ખર્ચાળ રોગ છે. આ રોગો માતા-પિતાની અજ્ઞાનતા, અજાણતા અને રોગ વિશેનાં અપ્રચારને કારણે તેમનાં ભાવિ બાળકો આ રોગો સાથે જન્મે છે. જેઓને જિંદગીભર અન્ય રક્તદાતાઓનું લોહી ચઢાવવાનું, મોંઘી દવાઓ, ફેક્ટર અને રસીઓની જરૂર રહે છે. જે સારવારનો ખર્ચ દર મહિને ત્રણથી ચાર હજાર જેટલો થાય છે. આ રોગો જનજાગૃતિ અભિયાન અને રક્ત પરિક્ષણ દ્વારા સંપૂર્ણપણે અટકાવી શકાય છે. તે માટે જનજાગૃતિ જરૂરી છે.

**થેલેસેમિયા શું છે ?:** થેલેસેમિયા લોહીમાં રહેલ હિમોગ્લોબીન બનવાની ખામીયુક્ત રંગસૂત્રોની વિકૃતિના પ્રભાવને લીધે ઉદ્‌ભવતો વારસાગત રોગ છે. થેલેસેમિયાના બે પ્રકાર છે. (૧) થેલેસેમિયા વાહક અથવા તંદુરસ્ત વાહક દા.ત. અમિતાભ બચ્ચનને સારવારની જરૂર નથી. (૨) થેલેસેમિયા મેજર અથવા રોગગ્રસ્ત પરિસ્થિતિ. હંમેશા સારવારની જરૂર રહે છે. જો માતા-પિતા બંને વાહક હોય તો જ થેલેસેમિયા મેજર જન્મે છે. થેલેસેમિયા મેજર મુખ્યત્વે તમામ જ્ઞાતિઓ અને ધર્મમાં જોવા મળે છે. પરંતુ સવિશેષ કચ્છી, ઘોઘરી, સૌરાષ્ટ્રવાસીઓમાં, ભાનુશાળી, સિંધિ, મુસલમાનો, ખોજા, વ્હોરા, બ્રાહ્મણ, જૈન, લોહાણા, સુથાર, દરબાર, હરિજન, બોરીચા, જાદવ, તેલીમાળી, આદિવાસીમાં જોવા મળે છે. ગુજરાતમાં થેલેસેમિયાનું વાહકનું પ્રમાણ : કચ્છી ભાનુશાળી ૧૪.૯ ટકા, સિંધી ૮.૭ ટકા, પટેલ, કમબી ૧૨ ટકા, લોહાણા ૧૭.૨ ટકા, મુસ્લીમ ૮ ટકા, બ્રાહ્મણ ૪ ટકા, જૈન/વણિક ૪.૮ ટકા, ખોજા ૫.૯ ટકા, બંગાળી ૩.૭ ટકા, કુંભાર/સુથાર ૩ ટકા, પંજાબી ૬.૩ ટકા.

**થેલેસેમિયામાં શું થાય છે ?:** થેલેસેમિયામાં શરીરમાં પૂરતું હિમોગ્લોબીન બનતું નથી, જેથી એનિમીયા થાય છે. જેની માનસિક બિમારી લીવરની, સ્પ્લીન અને હૃદયની તકલીફ, શરીરનો વિકાસ ન થવો અને અમુક વર્ષોમાં બાળકનું મૃત્યુ થઈ શકે છે.

થેલેસેમિયાની સારવાર:વારંવાર દર બેથી ચાર અઠવાડિયામાં લોહી ચઢાવવું અને મોંઘી દવા (રૂા. ૫૦ હજારથી બે લાખ (વર્ષ)નાં ખર્ચો થાય છે.) જે સામાન્ય અને ગરીબ માણસો માટે ખુબ જ ખર્ચાળ અને કુટુંબના દરેક સભ્યોને ખુબ જ તકલીફ અને હેરાન થાય છે.

**થેલેસેમિયાનો કાયમી ઈલાજ :** હા, બોનમેરો ટ્રાન્સપ્લાન્ટેશનથી પરંતુ ખુબ જ ખર્ચાળ અને ખતરો પણ ખરો. થેલેસેમિયાના દર્દી આપણા દેશમાં દર વર્ષે આઠથી દસ હજાર બાળકો જન્મે છે. ફક્ત ગુજરાતમાં દર વર્ષે ત્રણ હજારથી વધુ બાળકો થેલેસેમિયા મેજરના જન્મે છે.

**મારે થેલેસેમિયા ટેસ્ટ જરૂર છે? :** આપના માટે થેલેસેમિયા ટેસ્ટ કરાવવો જરૂરી છે. પતિ-પત્ની બંને થેલસેમિયા માયનોર (ટ્રેઈટ) હોય તો ૨૫ ટકા શક્યતા છે કે આપનું બાળક થેલેસેમિયા મેજર હોઈ શકે. ૫૦ ટકા શક્યતા છે કે થેલેસેમિયા માઇનર હોઇ શકે અને ૨૫ ટકા શક્યતા છે કે આપનું બાળક સામાન્ય હોઈ શકે. આ માટે યુવક-યુવતીઓએ સગાઈ પહેલાં થેલેસેમિયા ટેસ્ટ કરાવવો ખૂબ જ જરૂરી છે.



**થેલેસેમિયા માયનોર (ટ્રેઈટ) શું છે :** થેલેસેમિયા માઈનોરમાં એક ખામીયુક્ત (થેલેસેમિયા) જીન હોય છે.

**કોણે થેલેસેમિયા ટેસ્ટ કરાવવો ? :** યુવક-યુવતીઓએ સગાઈ અને લગ્ન પહેલાં અને ગર્ભધારણ પહેલાં કરાવવો હિતાવહ છે. ભલે પછી તમારા બાળકો થેલેસેમિયા રોગ રહિત હોય. જે બાબતે સમાજમાં જાગૃતિ લાવવી જરૂરી છે.

**થેલેસેમિયાના રોગનું પ્રમાણ કેટલું?:** ૩ કરોડ ભારતીયો થેલેસેમિયાના દર્દી છે. ગુજરાત, પંજાબ, સિંધ, બંગાળ પ્રદેશોમાં વધુ પ્રમાણમાં છે.

**થેલેસેમિયાનો ટેસ્ટ કેવી રીતે કરાવવો?** સૌથી સચોટ નિદાન Hba2 ટેસ્ટ કરવાથી થાય છે. Hba2 નું પ્રમાણ ૩.૫%થી વધુ હોય તો થેલેસેમિયા માયનોર ગણાય છે. આ બાબતે નિષ્ણાત ડોક્ટરને મળવું જરૂરી છે.

શું આ રોગ ગંભીર રોગથી બચી શકાય છે (૧) અપરિણીત અથવા પરણિત બંનેએ થેલેસેમિયા ટેસ્ટ કરાવવો જરૂરી છે. (૨) તમને થેલેસેમિયા માઈનોર (ટ્રેઈટ) ન હોય તો, કોઈ પણ કાળજી લેવાની જરૂર નથી. (૩) જો તમારો લોહી રિપોર્ટ થેલેસેમિયા માઈનોર હોય, તો થેલેસેમિયા માઈનોર પોઝીટીવ હોય તો થેલેસેમિયા માઈનોર પોઝીટીવવાળા સાથે લગ્ન કરવા. (૪) જો તમારો થેલેસેમિયા માઈનોર ટેસ્ટ પોઝીટીવ હોય અને લગ્ન કરેલા હોય તો તમારા પતિ કે પત્નીનો થેલેસેમિયા ટેસ્ટ કરાવવો. આ બાબતે નિષ્ણાત ડોક્ટરની સલાહ લેવી.

જો બંને પતિ-પત્નીનો થેલેસેમિયા ટેસ્ટ પોઝીટીવ હોય તો આપનાં નિષ્ણાત ડોક્ટરની સલાહ લેવી અને ગર્ભાવસ્થાના આઠમા અઠવાડિયે બાળક માટે ટેસ્ટ કરાવવો, આ સગવડા કે.ઈ.એમ. હોસ્પિટલ મુંબઈમાં છે. જો આપનું બાળક થેલેસેમિયા મેજર હોય તો ગર્ભપાત કરાવવો સલાહભર્યું છે. જો બાળક થેલેસેમિયા મેજર ન હોય તો કોઈ ચિંતા નથી. ગર્ભ રહ્યાના પ્રથમ ૧૦ હપ્તામાં કોરીઓનિક વિલી સેમ્પલીંગ સારા દવાખાનામાં ટેસ્ટ કરવામાં આવે છે. પછી ૧૮ સપ્તાહમાં ફીટલ બ્લડ સેમ્પલીંગ ટેસ્ટ કરવો જરૂરી છે. જો ટેસ્ટ પોઝીટીવ આવે તો ગર્ભપાત દ્વારા થેલેસેમિયા મેજર બાળકનો જન્મ અટકાવી શકાય છે. તે ઉપરાંત પ્રીનેટલ ટેસ્ટ યોગ્ય દવાખાનામાં કરાવવો જરૂરી છે.

દરેક જ્ઞાતિની દરેક વાડીમાં, લગ્ન પ્રસંગના હોલમાં, હોટલોમાં લગ્ન માટે ભાડે આપતાં પહેલાં સરકારશ્રીએ પરિપત્ર બહાર પાડીને થેલેસેમિયા ૧૦૦ ટકા નાબૂદી માટે જે યુવક-યુવતીનું થેલેસેમિયા ટેસ્ટ કરેલ હોય તેને જ લગ્નનું સ્થળ ભાડે આપી શકાય તેવો કાયદો લાવવો જરૂરી છે. આ બાબત લાયન્સ ક્લબ, રોટરી ક્લબ, દરેક જ્ઞાતિનાં આગેવાનો, ઉદ્યોગપતિઓ, રાજકારણીઓએ જાગૃતિ લાવવી જરૂરી છે.

થેલેસેમિયાગ્રસ્ત બાળકની આપવિતી, મારું જીવન મૃત્યુનો સંદેશ છે. મારી દશા મારા કુટુંબનું બરબાદીનો ચિતાર છે. મને વારંવાર લોહી ચડાવવું પડે છે. મને નિયમિત આઠ કલાક ચાલે તેવું ઈન્જેક્શન રાતે સુતી વખતે આપે છે જે સવારે કાઢે છે. મારા બચવાની કે સાજા થવાની કોઈ શક્યતા નથી. મારું મૃત્યુ મને અને મારા માતા-પિતાને ક્યારે આવશે તે ખબર નથી. મારા નાના જીવન માટે મારા કુટુંબના સભ્યોએ પૈસાનો ખર્ચો ખૂબ જ કરવો પડે છે. મારું કુટુંબ આર્થિક અને સામાજિક રીતે પાયમાલ થાય છે. મારા જેવા બાળક ભવિષ્યમાં ભયંકર યાતના અન્ય કોઈ બાળકને ન ભોગવવી પડે તે માટે દરેક વડીલોને મારી વિનંતી છે કે પહેલા થેલેસેમિયા ટેસ્ટ પછી જ સગાઈ - કુંડળી મેળાપ અને સગપણ. થેલેસેમિયા મેજર બાળકોના લાભાર્થે જ્યાં પણ તક મળે ત્યાં રક્તદાન કરવા માટે આપણે સૌ કટિબદ્ધ બનીએ.

**શાંતિભાઈ રાજા, જૂનાગઢ. મો. ૯૮૨૫૬૬૮૮૦૯ - ફોન : (૦૨૮૫) ૨૬૫૦૮૦૯**

# લોહાણા જ્ઞાતિનાં યુવાનો કેમ આગળ આવતા નથી ?

એ દિવસ મને ખુબ ગમ્યો, તા. ૧૨-૮-૨૦૧૯નાં રોજ મહાપરિષદનાં માનદ્ મંત્રી શ્રી હિમાંશુભાઈ સાથે બપોરનાં ૧૨ થી ૩ સુધી સતત ત્રણ કલાક અનેક વિષયો ઉપર સુખદ્, નિખાલસ અને બૌદ્ધિક ક્ષમતાથી ચર્ચાઓ થઈ. શહેરનાં સુવિખ્યાત અને મહાપરિષદનાં આગલી ટર્મનાં જોઈન્ટ સેક્રેટરી ભાઈ શ્રી રાજીવભાઈ રવાણીની પ્રેમભરી હાજરી હતી.

આપણી જ્ઞાતિની જે ત્રણ મહાન સંસ્થાઓ સ્થપાયેલી છે, કાર્યરત છે તેમાંથી સૌરાષ્ટ્ર - કચ્છમાં પથરાયેલી રઘુવીર સેનાનાં માર્ગદર્શક તરીકે હું છેલ્લાં ૧૦ વર્ષોથી જોડાયેલ છું અને તા. ૧૮-૯-૨૦૦૯નાં જુનાગઢમાં યોજાયેલા આશરે ૩૦૦૦ જેટલા વિવિધ ગામો, શહેરનાં જ્ઞાતિ આગેવાનોની હાજરીમાં, રઘુવીર સેનાનાં સુપ્રિમો માનનીય શ્રી, ગિરિશભાઈ કોટેચાની અધ્યક્ષતામાં યોજાયેલું, જેમાં મેં ૪૫ મિનિટ સુધી જ્ઞાતિનાં મુખ્ય મુખ્ય પ્રશ્નો અને તેનાં ઉકેલો ઉપર જ ધ્યાન કેન્દ્રિત કરવાનું આહ્‌વાન કર્યુ, અને સેનાનો મુળભૂત ઉદ્દેશ એ હતો કે કચ્છ - સૌરાષ્ટ્રમાં પથરાયેલ આપણી જ્ઞાતિની ખુબ મોટી વસ્તી કે જે મારી ગણતરીએ આશરે ૬ થી ૭ લાખની થવા જાય છે તેમાંથી આશરે પાંચેક લાખ લોકો કાં તો સાધારણ આર્થિક પરિસ્થિતિ ધરાવે છે અથવા વધુ ગરીબાઈમાં પોતાનું જીવન વ્યતિત કરે છે, તેમનાં આર્થિક, સામાજિક વિકાસ માટે હતી.

આ મૂળભૂત ઉદ્દેશને લક્ષ્યમાં લઈને રઘુવીર સેનાએ સૌરાષ્ટ્રમાં અલગ અલગ શહેરમાં નવ મિનિસંમેલનો પણ યોજેલા. આ દરેક સંમેલનોમાં ત્યાંની વ્યવસ્થા સંભાળવા માટે ગામે ગામમાં સ્થપાયેલા યુવાનોનાં મંડળોએ ખુબ સેવાઓ આપેલી, પરંતુ મારા જોવામાં આવ્યું છે કે આ આપણા યુવક મંડળો જ્યાં જ્યાં મોકો મળે છે ત્યાં ત્યાં સેવાકીય, તબીબી સેવાઓનાં કાર્યોમાં ખુબ ઉત્સાહથી ભાગ લેતા હોય છે ત્યારે મહાપરિષદ એવું ઈચ્છે છે કે, ''આવો, યુવાનો, તમે પણ હવે સક્રિય બની જ્ઞાતિનાં પ્રશ્નોનાં ઉકેલોમાં, તેના વિકાસમાં ભાગ લેતા થાઓ, તો કેમ કોઈ આગળ આવતા નથી ?'' સૌ વડીલો ઈચ્છે છે કે યુવાનો આગળ આવે જ !

માનનીય શ્રી હિમાંશુભાઈ સાથેની મુલાકાત બાદ મને પણ આ વિચાર આવેલો કે આટ આટલી મહાપરિષદની કારોબારીઓ મળી, જેમાં તેમનાં દ્વારા સ્થાપિત કેટલીક સમિતિઓ પોતાનાં અહેવાલો આપે છે તો યુવક મંડળો કેમ જોવા મળતા નથી ? ભાઈશ્રી હિમાંશુભાઈનો પણ એ જ અફસોસ જોવા મળે છે કે જ્ઞાતિનાં યુવાનો વધુ પડતા નિષ્ક્રિય, જ્ઞાતિનાં પ્રશ્નો માટે અજાગૃત અને તેનાં ઉકેલો માટે બિન ઉત્સાહુ વધુ જોવા મળે છે, આ આપણી જ્ઞાતિની કમનસીબી જ ગણાય ને ?

મારા જેમ જ કેટલાએ આગેવાનો આ બાબતે અફસોસ કરતા, ચિંતા કરતા જોવા મળશે, પરંતુ આવો, આપણે તેનાં ઉકેલ માટે થોડું હું વિચારીએ. મારું માનવું છે કે જે પ્રજાએ પોતાના પ્રશ્નોને ઓળખ્યા છે તે જ પ્રજાએ તેના ઉકેલો શોધ્યા છે. જાપાનને હર હંમેશા ધરતીકંપનો પ્રશ્ન હતો. ચીનને ભયંકર બેકારી અને વસ્તી વિસ્ફોટનો પ્રશ્ન હતો, તો આ બધા દેશોએ તેનાં યોગ્ય ઉકેલો શોધી તે દિશામાં પ્રયત્નો કરી તેનાં રીઝલ્ટો મેળવ્યા. આ રીતે આપણા યુવાનોને કાર્યરત કરવા જરૂરી જો માનતા હોઈએ તો તે સૌ સક્રિય થાય તે માટે હું માનું છું કે આપણે કાંઈક યોગ્ય પગલાંઓ લેવા જોઈએ.

તે દરમ્યાન આપણે વિચારીએ કે યુવાનોની સક્રિયતા ક્યાં જરૂરી છે ? અત્યાર સુધી જો યુવાનો સક્રિય નથી બન્યા તો પણ જ્ઞાતિનો ગંગા પ્રવાહ ચાલ્યો જ જાય છે ! મારી દ્રષ્ટિએ હવેના સમયની ઘડિયાળ તરફ જો આપણે નજર કરીશું તો જે દિર્ઘદ્રષ્ટા જ્ઞાતિજનો છે તે સૌ ચિંતા સેવે છે કે આવનારા વર્ષોમાં આપણો દેશ જે ગતિથી આર્થિક, સામાજિક શૈક્ષણિક, ટેક્નિકલિ એક્સપર્ટાઈઝમાં આગળ ધપી રહ્યો છે તેમાં જો આપણી જ્ઞાતિ આળસમાં બેદરકાર રહીને પોતામય બની રહેશે તો પાછળથી જ્ઞાતિ માટે ગૌરવ લેવા જેવું કાંઈ બચે નહીં ? સૌ જાણીએ જ



છીએ કે જે ઘેટું આગળ ચાલે છે તેને જ કુણું કુણું ઘાસ ખાવા મળે છે. પાછળ રહેનારાને તો માત્ર ઠુંઠિયા જ ખાવા મળે છે !

આપણે વિચારવું જોઈએ કે આપણા યુવાનો કાર્યરત બને તો જ્ઞાતિના વિકાસમાં, તેનાં ઉત્થાનમાં અનેક મુદ્રાએ મદદરૂપ થઈ શકે. જેમ કે સામાજીક પરિવર્તન લાવવા માટેનાં અનેક સ્કોપો છે. હજારો નહીં, લાખો જ્ઞાતિબંધુઓ આજે પણ ટૂંકા પગારોમાં ગરીબાઈભર્યું જીવન વિતાવે છે. ખાસ કરીને કચ્છ-સૌરાષ્ટ્રના મોટા ભાગના જ્ઞાતિજનો નાની નોકરી, પાથરણા, મજુરી, રેકડી ચલાવવી કે નાની દુકાનોથી સંતોષ માને છે. આપણાં તેજસ્વી બાળકો ઉચ્ચ અભ્યાસ નથી કરી શકતા, સાચી દિશાનાં કોર્ષો કે જે તરફ જવાની ઊંચી આવક કે પગારો મળે તે કરતા નથી, સરકારી ઉચ્ચ હોદ્દાઓ ઉપર ભાગ્યે જ કોઈ દેખાશે. આમ આર્થિક, સામાજિક જેવા ક્ષેત્રમાં યુવાનોની શક્તિ અને આવડતનો સદ્ઉપયોગ થવો જોઈએ તેમ માનું છું.

તો પછી આજ સુધી આ યુવાનો કેમ આગળ આવ્યા નથી અને તે હોંશે હોંશે આગળ આવે તે માટે શું કરવું જોઈએ તે પ્રશ્ન સૌને થતો હોત તે સ્વાભાવિક છે. આપણી લોહાણા જ્ઞાતિનાં મુખ્ય મુખ્ય ૨૦ પ્રશ્નો અને તેનાં ઉકેલો ઉપર જ મેં ખાસ એક બુક પ્રકાશિત કરી છે. 'સાંપ્રત લોહાણા સમાજ પ્રશ્નો ઉકેલો વિકાસ અને વિશિષ્ટતાઓ' જેની મેં આશરે ૮૦૦ થી ૯૦૦ નકલો જ્ઞાતિના અનેક આગેવાનોને સપ્રેમ ભેટ મોકલાવેલ છે, પરંતુ હજુ સુધી ભાગ્યે જ ૫/૧૫ લોકોએ તે પૂરેપૂરી વાંચી હશે ! આ છે આપણી વાસ્તવિકતા - કે જ્ઞાતિના ફંક્શનોમાં જ્ઞાતિ નબળી પડતી જાય છે તેની ચિંતા અને ટીકાઓ જરૂર કરીએ છીએ, પરંતુ કોઈક કાર્ય કરવાનું જો સોંપાઈ તો આંગળી બીજા તરફ જ ચિંધાય છે !

**મારી દ્રષ્ટિએ યુવાનોમાં જ્ઞાતિનાં અનેક કાર્યોમાં તેમને સાંકળી લેવા માટે જે કાંઈ કરવું જોઈએ તે આ છે :-**

(૧) જ્ઞાતિનાં તમામ મેગેઝીનોમાં યુવાનોને આમંત્રણ આપી તેમનાં વિચારો જાણીએ તેમનાં તરફથી ઘણું ઘણું મળી શકે તેમ છે. એમના ચિંતન, વિચારને આપણે વધાવીએ.

(૨) બેએક વર્ષો પૂર્વે અમદાવાદમાં લોહાણા ઈન્ટરનેશનલનાં યુવાનોને એક સેમિનાર રાજકોટનાં ધગધગતા જ્ઞાતિપ્રેમી ભાઈશ્રી પરાગભાઈ તેજુરા દ્વારા યોજાયેલ, તેમાં મેં ખાસ ભારપૂર્વક જણાવેલું કે આમ એક જ સેમિનારમાં અલગ અલગ બિઝનેશોની ચર્ચા વિચારણા કરવાના બદલે સ્પેસિફિક પ્રોડક્ટ જેમ કે ટેક્સટાઈલ્સ, રેડીમેડ, એન્જિનિયરિંગ, એજ્યુકેશન વિગેરેના સેમિનારો રાખી માત્ર ને માત્ર એક જ વિષય ઉપર યુવાનોને માર્ગદર્શન આપવું જોઈએ, જે કાર્ય પણ યુવાનો કરી શકે તેમ છે.

(૩) બની શકે તો જીલ્લાવાઈઝ યુવાનોનું ફેડરેશન બનાવી દર માસે કે દર બે માસે તેમને અપાયેલા ટાર્ગેટ મુજબ સૌ કામની વહેંચણી કરી તેના રીઝલ્ટો આપતા થાય. હવે રાજ્ય અને કેન્દ્ર સરકારની આશરે ૨૦૦થી વધુ વિવિધ યોજનાઓનાં લાભો મળી શકે છે. તેમાંથી જ્ઞાતિના લોકોને જે જે લાગુ પડે છે તેનાં દરેક ગામ / શહેરમાં કેમ્પો ગોઠવી, સૌને તેમાં સામેલ કરે સારું કાર્ય કરનારા આવા ફેડરેશનને અવારનવાર એવોર્ડથી પ્રોત્સાહિત કરી શકાય.

(૪) દરેક મંડળ પોતાના કયા મેમ્બર્સ પાસે જે કાંઈ આવડત, ખાસિયત હોય તેનો સૌને લાભ મળે તે માટે બહાર લાવવા.

(૫) મારું માનવું છે કે મોટા મોટા યુવા સંમેલનોમાં જે સમય, શક્તિ અને ખર્ચની બરબાદી થાય છે તેનાં બદલે નાનાં નાનાં યુવા સંમેલનો બની શકે તો એક કે બે જીલ્લાનાં બોલાવી તેમાં યુવાનોની ટીમો બનાવી તેમને કામગીરી સોંપવાથી સારું રીઝલ્ટ મળી શકશે.



(૬) અમોએ રઘુવીર સેનામાં તુલસીશ્યામમાં મળેલા સંમેલનમાં છ મુદ્દાનો કાર્યક્રમ આપેલો તેમાં દરેક શહેરમાં નાના બાળકોને દર શનિ-રવિમાં બોલાવી તેમને બૌદ્ધિક તાલીમો આપવાની જવાબદારી સોંપી શકાય. જેવું વાવીશું તેવું મળશે એ ન્યાયે ભવિષ્યની આપણી જ્ઞાતિની પ્રગતિ માટે આજના નાના બાળકોની પેઢીને સખત પરિશ્રમથી પ્રવાસો કરાવવા, વાંચન હરિફાઈઓ રાખવી, વાંચનનો શોખ પેદા કરવો, સુડોકુ, ચેસ, ક્યુબિકની રમતોમાં પારંગત કરી શકાય, જે કાર્યો યુવાનો જરૂર સંભાળી શકે.

(૭) યુવાનો માટે ડીબેટીંગ સોસાયટીઓ રસદાયક બની શકે તે માટે પણ યુવાનો કાર્ય સંભાળી શકે અને પોતાની બૌદ્ધિક શક્તિ તેજ બનાવી શકે. આજના અમેરિકાની આટલી મોટી પ્રગતિનું મૂળભૂત કારણ ત્યાં સતત યોજાતા ડીબેટીંગ છે.

(૮) જીલ્લાવાઈઝ જે યુનિટ બને તેનાં યુવાનોને પોતાને અને તેમની ટીમ દ્વારા આર્થિક મોટી રોજગારી મેળવવા માટેનાં કેમ્પો, સારા વક્તાઓ દ્વારા માર્ગદર્શક શિબિરો યોજાવાનો પ્રોગ્રામ આપી શકાય. તેમના દ્વારા જ્ઞાતિનાં ઓછી આવકો મેળવતા ભાઈ-બહેનોને નવા હસ્તઉદ્યોગ, ટાઈની ઉદ્યોગો શરૂ કરવા તમામ પ્રકારે મદદરૂપ થઈ શકાય. છેલ્લા ચાર માસની મહેનતથી મેં આશરે ૩૦૦૦થી પણ વધુ આવા ગૃહઉદ્યોગો - ટાઈની ઉદ્યોગો શોધી કાઢ્યા છે જેની બુકો તરતમાં જ છપાશે તેનો લાભ લઈ શકાય.

(૯) આવા અનેક પ્રોગ્રામો કે જેમાં યુવાનો પોતે રસ લેતા થાય અને સમાજનું કલ્યાણ થાય તેવા અનેક પ્રોગ્રામો કે જે આમ બૌદ્ધિક શક્તિ વધારનારા હોય તે માટે સમગ્ર દેશનાં યુવાનો પાસેથી નવા નવા વિચારો સુચનો મેળવવા દરેક મેગેઝીનોએ પત્ર વિભાગ રાખી યુવાનોને ભાગ લેતા કરવા મારી ભલામણ છે.

(૧૦) અમોએ પોરબંદર ડિસ્ટ્રીક્ટ ચેમ્બરમાં યુવા ડિસ્ટ્રીક્ટ ચેમ્બરની સ્થાપના કરી છે જે છેલ્લા ૨૦ વર્ષોથી યુવાનોમાં બૌદ્ધિક ક્ષમતા વધે તેવા લેક્ચરો, પ્રવાસો, અનેક પ્રોગ્રામો, નાનાં મોટા સંમેલનો યોજી અને તેઓ સિનિયર બને તે દરમ્યાન બરાબર ઘડાઈ જાય તેવા કાર્યો સંભાળે છે. જો આ પ્રકારે મહાપરિષદમાં એક અલગ બ્રાન્ચ જે સ્વતંત્ર રીતે ઊભી કરાય, જેઓને સહકાર, સ્વતંત્રતા સાથે યોગ્ય માર્ગદર્શન અપાય, આપણાં વડીલોની ક્યાંય પણ સામેલગીરી વગર, પ્રોત્સાહનનાં દરેક પગલાંઓ દ્વારા તેઓ કદાચ આર્થિક મુંઝવણ ક્યાંય અનુભવે તો મદદ કરવાની તૈયારી સાથે, જ્યાં જ્યાં જરૂર હોય ત્યાં પ્રશંસાનાં ઝરણાં વહેવડાવી, અભિનંદન અને આવડતનાં ખભે બેસાડીએ તો હું માનું છું કે આપણાં આ યુવાનો જરૂર ભગવાન કૃષ્ણ (જે પણ યુવાન હતા ત્યારે)નાં જેમ આપણાં વિકાસ સ્વરૂપ અને પ્રશ્નોનાં ઉકેલો સ્વરૂપનો ગોવર્ધન પર્વત ઉપાડી લેશે તેમાં મને શંકા નથી.

**- પદુભાઈ રાયચુરા, પોરબંદર**

## આજના સમયની વિટંબણા

**અત્તરની શીશીઓ બંધ છે**
**અને ગટરના ઢાંકણા ખુલ્લા છે.**

# ત્રિદિવસીય સત્સંગ કાર્યક્રમ





શ્રી ભાગવત વિદ્યાપીઠ સોલા અમદાવાદ મુકામે આવેલા શ્રી ખીમજી ભગવાન આરસીટી ભાગવત અતિથિ ભવન ખાતે શ્રી લોહાણા મહાપરિષદ તથા યુગલ સરકાર ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે દેવી નિધિ તથા નેહા સરસ્વતીજીનો ત્રિદિવસીય સત્સંગનો કાર્યક્રમ તા.૧૪/ ૧૫ / ૧૬ સપ્ટેમ્બર, ૨૦૧૯ ના રોજ સાંજે ૬.૦૦ થી ૮.૦૦ કલાક દરમિયાન યોજાયો. આ કાર્યક્રમમાં અમદાવાદ સ્થિત વિવિધ સંસ્થાઓ સાથે જોડાયેલા સમાજ સેવકો તથા માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના સ્થાનિક સભ્યોએ લાભ લીધો હતો. આ મહોત્સવમાં સમાજશ્રેષ્ઠી શ્રી સુરેન્દ્રભાઈ પટેલ તથા ગુજરાત સરકારના જીઆઈડીસીના ચેરમેન શ્રી બલવંતસિંહ રાજપૂત, શ્રી ભાગવત વિદ્યાપીઠના વરિષ્ઠ ટ્રસ્ટીશ્રીઓ શ્રી નરેન્દ્રભાઈ પાઠક, શ્રી પી.કે. લહેરી તથા અન્ય મહાનુભાવો પણ શ્રી પ્રવિણભાઈ કોટકના આમંત્રણને માન આપીને ઉપસ્થિત રહ્યા હતા. શ્રી લોહાણા મહાપરિષદના મહિલા વિભાગના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ સુ શ્રી અલકાબેન કોટકના માર્ગદર્શન હેઠળ થયેલ આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ પણ લક્ષ્ય ટીવી ચેનલ પરથી કરવામાં આવ્યું હતું. બંને દેવી બહેનોએ આ સત્સંગમાં શ્રીરામ તથા શ્રી કૃષ્ણની પરંપરાને યાદ કરાવી સાંપ્રત સમયને અનુરૂપ સમાજ ઉત્થાન માટેની વાતો પણ ખુબ જ રસાળ શૈલીમાં રજૂ કરી હતી. ત્રણેય દિવસે સત્સંગ બાદ ભોજન પ્રસાદ લઈ સૌ છૂટા પડ્યા હતા.





# પ્રી-વેડિંગ વાસ્તવમાં સમાજનું એક નવું પ્રદૂષણ

'પ્રી-વેડિંગ' એટલે ભારતીય સંસ્કૃતિના સંપન્ન અને ઘરેલું પરિવારમાં પશ્ચિમી સંસ્કૃતિનું બેહદ આગમન.

છેલ્લાં ત્રણ - ચાર વર્ષથી દેશમાં ભારતીય સંસ્કૃતિ દ્વારા યોજાતા વિવાહ સમારંભમાં એક નવું જ પ્રચલન સામે આવ્યું છે. આ મોટા અને સમૃદ્ધ પરિવારમાં યોજવામાં આવે છે, જે સમાજની અંદર રીઢની હડ્ડી કહેવામાં આવે છે. તે પ્રોગ્રામનું નામ છે 'પ્રી-વેડિંગ'.

આના સંદર્ભમાં ભવિષ્યમાં થવાવાળા દુલ્હા-દુલ્હન પોતાના પરિવારજનોની સંમતિથી લગ્નના પૂર્વ ફોટોગ્રાફરના સમૂહને પોતાની સાથે લઈ દેશના અલગ અલગ સૈર-સપ્રાટોની જગહ-મોટી ફાઈવ સ્ટાર હોટેલો, હેરિટેજ બિલ્ડિંગ, સમુદ્રી બીચ અને એવા અન્ય સ્થળો ઉપર જ્યાં સામાન્ય રીતે પતિ-પત્ની લગ્ન બાદ હનીમુન મનાવવા જતા હોય છે.

ત્યાં જઈ અલગ અલગ અને ઓછામાં ઓછા પરિધાનો પહેરી એકબીજાની બાહોમાં સમાઈને શુટિંગ કરે છે અને વીડિયો શુટિંગ કરાવે છે અને પછી એ વીડિયો ફોટોગ્રાફી લગ્નના દિવસે એક મોટી સ્ક્રીન ઉપર રજૂ કરે છે.

લગ્ન સ્થળે પોતાનો પરિવાર, સ્નેહીજનો, મિત્રોની ઉપસ્થિતિમાં એ વીડિયો ફોટોગ્રાફી દેખાડવામાં આવે છે.

જેના હજી લગ્ન થયાં નથી તેઓ હજુ જીવનસાથી બન્યા નથી અને તેમના લગ્નજીવનના આશીર્વાદ દેવા આવેલ સગા-સ્નેહીઓ અને સામાજિક લોકો ગેઈટમાં પ્રવેશતાની સાથે જ તે કપલનો અગાઉથી જ એકબીજાની બાહોમાં ઝુલતા હોય છે. આ દૃશ્ય જોવા મળે છે તે શર્મસાર કરવાવાળું હોય છે અને આ બધું બન્ને પરિવારની સહમતિથી થાય છે ત્યારે સહેજ પ્રશ્ન ઊઠે છે કે આ બધું થઈ ચૂક્યું છે તો અમોને અહીં કેમ બોલાવવામાં આવ્યા. આનો પ્રારંભ મોટા ઘરાનાના સાંપ્રત પરિવારથી થાય છે. પોતાના પૈસાના જોરે આવા શાદી-સમારંભો યોજાઈ છે અને ગલત પ્રવૃત્તિઓનો વેગ વધે છે અને નાના પરિવારોને સંકટમાં નાંખે છે.

આપણા સમાજના બધાં જ સાંપ્રતજનોને અનુરોધ છે કે પોતાના સમાજમાં પશ્ચિમી સંસ્કૃતિનો વિરોધ કરે અને પરિવારમાં આ પ્રવૃત્તિઓનો ખુલ્લેઆમ પ્રતિકાર કરે, ત્યારે જ આવી હિન પ્રવૃત્તિની રોક સંભવ છે.

થોડા પરિવારના આ કદમથી લગ્નના સંબંધો બદનુમા થતા રહેશે. જેના પરિણામ સ્વરૂપ લગ્નપૂર્વના સંબંધો તૂટશે અને લગ્ન બાદ છૂટાછેડા અને તલાકની સંખ્યામાં વૃદ્ધિ થશે. આ સમસ્યાનું નિવારણ ખૂબ જ જરૂરી છે.

- નંદલાલ ગઢિયા, દિલ્હી

---

## કણમાં મણ

**સ્વાસ્થ્ય અને સમય ગુમાવ્યા પછી પાછાં આવતા નથી**
**માટે યોગ્ય સમયે એમની માવજત થાય એ હિતાવહ છે.**

**આપણે જે કાર્ય કરીએ એમાં આપણું ઉત્તમ આપી શકીએ**
**તો આપણું હોવું ગૌરવવાન બને.**



# સંસ્થા સમાચાર

**દિલ્હી**

શ્રી દિલ્હી લોહાણા જ્ઞાતિ મંડળની વાર્ષિક સામાન્ય સભા તા. ૨૧ જુલાઈ, ૨૦૧૯ને રવિવારના રોજ શ્રી ગુજરાતી સમાજના ડોરમેટરી હોલમાં ૫૦ સભ્યોની હાજરીમાં યોજાઈ હતી. સર્વપ્રથમ પ્રમુખ શ્રી રાજનભાઈ આયાએ સર્વસભ્યોને આવકારી સંચાલન માટે માનદમંત્રીશ્રી રસીકભાઈ ગણાત્રાએ ગત સામાન્ય સભાની મિનિટ્સનું વાંચન કરી સામાન્ય સભાને પાસ કરાવેલ. ત્યારબાદ મંત્રીશ્રીએ વર્ષ દરમિયાન સંસ્થા તરફથી થયેલ કાર્યની આછી રૂપરેખા રજૂ કરેલ અને ત્યારબાદ કોષાધ્યક્ષ શ્રી અલ્પેશભાઈ પૂજારાએ વર્ષ ૨૦૧૮-૧૯ના આવક-જાવકનો હિસાબ રજૂ કરી સામાન્ય સભાની બહાલી મેળવી હતી. વર્ષ ૨૦૧૯-૨૦ની ચૂંટણી માટે શ્રી દિનેશભાઈ આડતીયા અને શ્રી ભરતભાઈને ચૂંટણી અધિકારી નિમ્યા બાદ ચૂંટણી અધિકારીઓએ ચૂંટણીનું કાર્ય સુચારૂરૂપે ચલાવી વર્ષ ૨૦૧૯-૨૦ ચૂંટાયેલા સભ્યોની યાદી જાહેર કરી હતી જેમાં પ્રમુખ તરીકે શ્રી રાજનભાઈ આયા, ઉપપ્રમુખ શ્રી યશવંતભાઈ કક્કડ, માનદમંત્રી શ્રી ચિંતનભાઈ આયા, સહમંત્રી શ્રી તુલસીભાઈ ગણાત્રા તથા રાકેશભાઈ કોટેચા, કોષાધ્યક્ષ શ્રી રાકેશભાઈ રાજાણી, કારોબારી સભ્ય તરીકે શ્રી રસિકભાઈ ગણાત્રા, શ્રી કિરીટભાઈ આડતીયા, શ્રી અલ્પેશભાઈ પૂજારા, શ્રી પ્રકાશભાઈ બદીયાણી (ગાંધી), શ્રી ભરતભાઈ સાયાણી, શ્રી કિશોરભાઈ પોપટ, શ્રી કેતનભાઈ પોપટ, શ્રી રવિ ખુનડીયા, શ્રી યશેશ પોપટ અને માનદ્ ઓડિટર તરીકે શ્રી કિશોરભાઈ આડતીયાની નિમણૂંક કરવામાં આવી હતી.

સંકલન : નંદલાલભાઈ ગઢિયા

**જૂનાગઢ**

પ્રભાવ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા જ્ઞાતિજાતિનાં ભેદભાવ વગર વિનામૂલ્યે ચોપડાનું વિતરણ તા. ૨૧-૬-૨૦૧૯ થી શ્રીમતી ચેતનાબેન મિશ્રાણીના સીધા માર્ગદર્શન હેઠળ જરૂરિયાતમંદ બાળકોને નોટબૂકો તથા ચોપડાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. ચોપડાના મુખ્ય દાતા શ્રી મનુભાઈ રાજા પોરબંદર, શ્રી સામાણીભાઈ - ભાટિયા, તપસ્વી સ્કુલ એચ.જે. દેસાઈ - રાજકોટ, શ્રી પ્રફુલભાઈ વિઠલાણી, અમિતભાઈ ઠક્કર, શ્રી મનસુખભાઈ બારાઈ, શ્રીમતી મંગળાબેન તથા શ્રી જેન્તીભાઈ ગણાત્રા, શ્રી હીરાલાલભાઈ ઠક્કર - અમદાવાદ, સ્વ.ઉષાબેન બુચ, સ્વ.ગીતાબેન સૂચક, અ.નિ. લીલાધરભાઈ પોપટ, સ્વ.પ્રભુલાલભાઈ મિશ્રાણી, શ્રી પંકજભાઈ પલાણ, જયશ્રીબેન રૂઘાણી, ઉષાબેન દેવાણી, સ્વ.નર્મદાબેન રૂપારેલીયા, સ્વ.એલ.એચ. રૂપારેલીયા (વકીલ), શ્રી ઝવેરીભાઈ સોમેયા, સ્વ.નંદલાલભાઈ ભૂપતાણી, સ્વ.મનસુખભાઈ ધ્રુવ, સ્વ. છગનલાલ સુંદરજી ગંગદેવ, ધ્વનિ, ઋત્વી મેહુલભાઈ મજીઠીયા તથા અભિ જીતેનભાઈ મજીઠીયા, ડૉ.રામકૃષ્ણ જોશીના સહકારથી વિશાળ પાયે ચોપડા વિતરણનો કાર્યક્રમ સતત એક માસ ચાલ્યો હતો. આ ઉપરાંત ૧૦ વેવિશાળ સંસ્થા દ્વારા સફળ રીતે સંપન્ન થયા હતા.

સંકલન : ચેતનાબેન મિશ્રાણી

**જૂનાગઢ**

તા. ૨૦-૭-૨૦૧૯ ને શનિવારે બપોરે ૪ થી ૮ કલાક સુધી પ્રભાવ ચેરીટેબલ ટ્રસ્ટ પ્રેરિત રઘુવંશી સખી સહિયર વૃંદ દ્વારા ૧૬મો વિદ્યાર્થી સન્માન સમારોહ તથા વિશિષ્ટ પ્રતિભા સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો. આ વૃંદની સભ્ય બહેનોએ ૯૫ બાળકોનાં શિલ્ડ તેમજ ચોપડા આપી તથા બાળકને સન્માનિત કરવામાં આવેલ. આ તકે શ્રીમતી ચેતનાબેન મિશ્રાણીએ સો શિબિર બરાબર એક માતા વિષે પ્રસંગોચિત ઉદ્બોધન કરેલ. શ્રીમતી ઈલાબેન ભુપતાણીએ કાર્યક્રમનું સુંદર સંચાલન કરેલ. વરસાદી માહોલમાં દરેકને યોગ્ય ન્યાય આપીને શિલ્ડ અર્પણ કરવામાં આવેલ.

સંકલન : ચેતનાબેન મિશ્રાણી

**જૂનાગઢ**

તા. ૨૨ ઓગસ્ટ, ૨૦૧૯ ને ગુરૂવારે સવારે શ્રીમતી ચેતનાબેન મિશ્રાણીનાં માર્ગદર્શન નીચે જરૂરિયાતમંદ સીનીયર સીટીજનોને જીવન જરૂરી ચીજવસ્તુઓનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ. જરૂરિયાતમંદ લોકો જન્માષ્ટમીનાં તહેવારો સારી રીતે ઉજવી શકે તેવા ઉમદા હેતુને લઈને પ્રભાવ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ઘઉં, પૌંઆ, મમરા થેલી, સીંગદાણા, બટેટા, લાડુ, ગાંઠીયા, ખાજલી, રવો, મેંદો, બેસન, ફરાળી ચેવડો વગેરે ચીજવસ્તુનું તથા સાડીઓનું વિતરણ કરવામાં આવેલ.

સંકલન : ચેતનાબેન મિશ્રાણી

**બીજાના અવગુણ શોધવાનો સમય મલતો હોય તો**
**સમજી લેવું કે આપણે હજુ બેરોજગાર છીએ.**



## જૂનાગઢ

પ્રભાવ ચેરીટેબલ ટ્રસ્ટ પ્રેરિત રઘુવંશી સખી સહિયર વૃંદ તથા શહીદ પાર્ક લાફીંગ ક્લબ દ્વારા શિવદર્શન પંચતીર્થ યાત્રા પ્રવાસ ભક્તિભાવપૂર્વક સંપન્ન થયો. તા. ૧૮મી ઓગસ્ટને રવિવારે સવારે શ્રી સ્વામીનારાયણ મંદિરે દર્શન કરીને શહીદ પાર્ક તળાવ દરવાજાથી બસ દ્વારા શ્રીમતી ચેતનાબેન મિશ્રાણી તથા શ્રી વિજયભાઈ મિશ્રાણીનાં સંપૂર્ણ માર્ગદર્શન નીચે સીનીયર સીટીઝનો સાથે શ્રાવણ માસ નિમિત્તે સોમનાથ - ભાલકાતીર્થના પ્રવાસનું આયોજન કરવામાં આવેલ હતું.

**સંકલન : ચેતનાબેન મિશ્રાણી**

## મુંબઈ

ઉત્સવો સમાજ એકતાનું પ્રતિક બની રહે તેનું વધુ એક સુંદર ઉદાહરણ કચ્છી લોહાણા જ્ઞાતિના યુવકે પર્યુષણ નિમિત્તે સતત ચોથા વર્ષે ઉપવાસની પરંપરા જાળવી ૧૬ દિવસના ઉપવાસ રાખીને પૂરું પાડ્યું છે. મુલુંડ પશ્ચિમમાં યોગી હિલમાં માઉન્ટ ક્લાસીક - ૧માં રહેતા સંદીપ (સર) કતીરાએ પર્યુષણ પહેલાના આઠ દિવસથી ઉપવાસ શરૂ કરી ૧૭મા દિવસે જૈન સંવત્સરી મહાપર્વ મંગળવાર તા. ૩ સપ્ટેમ્બર ૨૦૧૯ના રોજ સમાજ અગ્રણી શ્રી અરૂણભાઈ ભીડે, શ્રીમતી સંધ્યાબેન ભીડે, કાકા લાલજી સર, માતા પિતા સરસ્વતીબેન ચંદ્રકાંત કતીરા, પત્ની જીજ્ઞા (ગુડી)એ મગનું પાણી વગેરે આપીને પારણાં કરાવ્યા હતાં. ગયા વર્ષે ૧૧ ઉપવાસ અને તે પહેલાના બે વર્ષોમાં અઠ્ઠાઈ તપ કરનાર સંદીપ સરનું માનવું છે કે, આવી તપશ્ચર્યા કરવાથી એક પ્રકારની આંતરિક શક્તિ વધે છે. એમનું આ તપ પરિવારજનો ઉપરાંત એમના વિદ્યાર્થીઓ માટે પણ એક સરસ દ્રષ્ટાંત બની રહેશે.

**સંકલન : લાલજી સર કતીરા**

## કોલ્હાપુર

કોલ્હાપુર - સાંગલી જિલ્લામાં અતિવૃષ્ટિથી જાનમાલની ભારે હાનિ થઈ છે. આપદ્ગ્રસ્તોને મદદ કરવા મુલુંડમાં તહેસીલ દ્વારા અપીલ કરવામાં આવી છે. વિવિધ એન.જી.ઓ.ની એક મીટીંગ મુલુંડ કોર્ટ પરિસરમાં તહેસીલદાર શ્રી સંદીપ થોરાટ દ્વારા એમની ઓફિસમાં તા. ૧૯-૮-૧૯ના રોજ બોલાવવામાં આવી હતી અને જિલ્લાઓની વિકટ પરિસ્થિતિનો ચિતાર આપ્યો હતો અને રાહત કામમાં સાથ આપવા અપીલ કરી હતી. વીર જસરાજ દાદા મંડળ - મુલુંડના પ્રમુખ જગજીવનભાઈ તન્ના, ઉપપ્રમુખ હીરાલાલભાઈ મૃગ, મહામંત્રી લાલજી સરે મંડળ દ્વારા માત્ર ત્રણ દિવસની અપીલમાં જમા થયેલ રૂા. ૧૩૦૦૧ (તેર હજાર એક)નો ચીફ મિનિસ્ટર રીલીફ ફંડનો ચેક તહેસીલદારશ્રીને અર્પણ કર્યો હતો.

**સંકલન : લાલજી સર કતીરા**

## માધાપર

માધાપર લોહાણા સમાજ તરફથી તા. ૧-૯-૨૦૦૯ના ૩૦ મો સરસ્વતી સન્માન સમારોહ યોજાયો જેમાં નર્સરીથી ધો. ૧૨ સુધીના ઉત્તિર્ણ તમામ ૩૦૦ વિદ્યાર્થીઓને સન્માનવામાં આવ્યા. મહાજન પ્રમુખશ્રી દિનેશભાઈ ઠક્કરના અધ્યક્ષસ્થાને યોજાયેલ કાર્યક્રમમાં શિક્ષણવિદ્ શ્રી કાંતિભાઈ ગોર ''કારણ'' તથા સાહિત્યવિદ શ્રી જયંતિભાઈ જોષી ''શબાબ'' અતિથિવિશેષપદે ખાસ ઉપસ્થિત રહ્યા. સંસ્થાના સ્થાપક અને આજીવન ટ્રસ્ટી શ્રી શશિકાંતભાઈ ઠક્કર, શ્રી કિરણભાઈ ગણાત્રા પ્રમુખશ્રી ભૂજ મહાજન, શ્રી નવીનભાઈ આઈયા, શ્રી નટવરલાલ રાયકુંડલ મે.ટ્રસ્ટી માધાપર, શ્રી સીટુભાઈ, શ્રી નરેન્દ્રભાઈ મીરાણી, શ્રી સુરેશભાઈ રામાણી, શ્રી નિરંજનભાઈ રૂપારેલ વગેરે ઉપસ્થિત મહાનુભાવો દ્વારા દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખૂલ્લો મુકવામાં આવ્યો. આજના સમારોહની વિશેષતા એ છે કે સમાજ માટે જીવન પર્યંત તન, મન અને ધનથી સમર્પિત આપણા વડીલ શ્રી શશિકાંતભાઈ ઠક્કર તથા ભુજના શ્રી સીટુભાઈ ઠક્કર જેમણે જ્ઞાતિ સંગઠન અને વિકાસ માટે ગામથી કરીને રાષ્ટ્રીય કક્ષા સુધી જહેમત ઉઠાવી છે તેવા બન્ને મહાનુભાવોને 'સમાજરત્ન' બિરૂદથી નવાજવામાં આવ્યા. નર્સરીથી ધોરણ ૧૨ સુધીના ૩૦૦ જેટલા બાળકોને તેમને ઉપયોગી વસ્તુઓ મહાનુભાવોના હસ્તે અર્પણ કરી સન્માનિત કરવામાં આવેલ. કાર્યક્રમનું સફળ સંચાલન સમાજના મંત્રી શ્રી ધીરજલાલ ઠક્કર તથા શ્રીમતી કૃપાલીબેન નાકરે પાર પાડ્યું હતું. અંતમાં મંત્રીશ્રીએ સૌનો આભાર માની કાર્યક્રમને પૂરો જાહેર કર્યો હતો. ત્યારબાદ મહેમાનો સાથે જ્ઞાતિજનોએ સમૂહ ભોજન લઈ સૌ વિખેરાયા હતા.

**- સંકલન : દિનેશભાઈ ઠક્કર**


# શાબાશ રઘુવંશી

## ડો. સુદીપ ચંદ્રકાન્ત પોપટ



અમેરિકાની ખ્યાતનામ ક્લેમસન યુનિ.ના આસિસ્ટન્ટ પ્રોફેસર અને લોહાણા જ્ઞાતિના અદના સેવક શ્રી કે.આઈ. ઠક્કરના દોહિત્ર તેમજ વિદ્યાનગરના વિદ્યાર્થી ભવનના એલ્યુમ્ની ડૉ સુદીપ ચંદ્રકાન્ત પોપટના ''હ્યુમન વેસ્ટને માઈક્રોબાયલ ફ્યુઅલ સેલ્સમાં ફીડ કરી તેમાંથી હાઈડ્રોજન પેરોક્સાઈડ બનાવવાના પ્રોજેક્ટ'' અમેરિકાની નાસા દ્વારા સાડા સાત લાખ ડૉલરનું માતબર ફંડ પ્રાપ્ત થયું. ડૉ. સુદીપ દ્વારા બનાવાયેલ હાઈડ્રોજન પેરોક્સાઈડનો ઉપયોગ નાસા પોતાના સ્પેસક્રાફ્ટની અંદરના સરફેસીસની બાયોફિલ્મ્સને લાંબાગાળા સુધી ક્લીન રાખવા ઉપયોગ કરશે. માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ તરફથી ડૉ. સુદીપના આ અતિ ઉપયોગી રિસર્ચ પ્રોજક્ટ બદલ ખુબ ખુબ અભિનંદન...

## વિનુભાઈ તન્ના



પૂ.જલારામ બાપાના આશીર્વાદ અને સૌની પ્રેરણાથી ધી સૌરાષ્ટ્ર - કચ્છ અર્બન કો.ઓપ.બેન્કસ ફેડરેશન, રાજકોટમાં ઉપપ્રમુખ તરીકે શ્રી વિનુભાઈ જી. તન્નાની નિમણૂંક થઈ તે બદલ માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના ખુબ ખુબ અભિનંદન...

## નિધિ માણેક



ધો.૧૨ સાયન્સમાં ૯૯.૯૯ પર્સન્ટાઈલ મેળવી એ-૧ ગ્રેડ મેળવવા સાથે સરદાર પટેલ સંસ્થાએ તેની પ્રતિભાને પારખી આ ગરીબ વર્ગની દીકરીને ૧૦૦ ટકા ફી માફી આપી ભણવાના ક્ષેત્રે પૂરતું પ્રોત્સાહન આપ્યું છે. ચિ. નિધિ ભરતભાઈ માણેકને માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના ખુબ ખુબ અભિનંદન...

## નિરવ રશ્મિનભાઈ મજીઠીયા - નાસિક



ધી ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોસ્ટ એકાઉન્ટન્ટ્સની ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની પરીક્ષા આઈપીસીસીના બંને ગૃપ એક સાથે ક્લીયર કરી ઓલ ઈન્ડિયા રેન્કમાં ૩૩મું સ્થાન મેળવી રઘુવંશી સમાજનું ગૌરવ વધારેલ છે. શ્રી નિરવ મજીઠીયા તથા તેમના પરિવારને માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના ખુબ ખુબ અભિનંદન...

# શ્રી લોહાણા મહાપરિષદની આગામી કારોબારી સમિતિની બેઠક તા.૨૮/૨૯ ડિસેમ્બર, ૨૦૧૯, ગોંદિયા, મહારાષ્ટ્ર



માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકની ટર્મની દસમી કારોબારી સમિતિની બેઠક ગોંદિયા, મહારાષ્ટ્ર મુકામે તા. ૨૯ ડિસેમ્બર, ૨૦૧૯ ને સવારે ૯.૩૦ કલાકેથી ગોંદિયા લોહાણા મહાજન તથા શ્રી મોરારજી ત્રિભોવનદાસ વડેરા ચેરીટેબલ ટ્રસ્ટ, ગોંદિયાના સંયુક્ત યજમાન પદે યોજાશે.

તા.૨૮ ડિસેમ્બર, ૨૦૧૯ ના સાંજે ૫.૩૦ કલાકે રજિસ્ટ્રેશન બાદ માતૃસંસ્થાના પ્રમુખશ્રી, ટ્રસ્ટીશ્રીઓ, વરિષ્ઠ હોદ્દેદારશ્રીઓ, એવોર્ડના સૌજન્યદાતાશ્રીઓ, એવોર્ડ મેળવનાર રઘુવંશી રત્નો તથા કારોબારી અને આમંત્રિત સભ્યોની ઉપસ્થિતિમાં જલારામ લૉન, કલેક્ટર ઓફિસ પાસે, આમગાવ રોડ, ગોંદિયા ખાતે વર્ષ ૨૦૧૯ નો આંતરરાષ્ટ્રીય એવોર્ડ સમારોહ યોજાશે.

તા.૨૯ ડિસેમ્બર, ૨૦૧૯ ના રોજ રજિસ્ટ્રેશન તથા અલ્પાહાર બાદ સવારે ૯.૩૦ કલાકે કારોબારી સમિતિની બેઠક એજન્ડા અનુસાર યોજાશે. તમામ કારોબારી તથા આમંત્રિત સભ્યશ્રીઓને નિયમ અનુસાર એજન્ડા નોટિસ ઈમેલથી મોકલી આપવામાં આવશે. કોઈ પણ સંજોગોમાં જો ઈમેલ પ્રાપ્ત ન થયો હોય તો ડિસેમ્બર માસના પ્રથમ અઠવાડિયામાં મધ્યસ્થ કાર્યાલય પર ઈમેલથી જાણ કરવા વિનંતી.

**ઉતારા વ્યવસ્થા :** વિદર્ભ સહ મધ્યભારત વિભાગના વિભાગીય ઉપપ્રમુખ શ્રી નરેન્દ્રભાઈ દાવડા અને રાષ્ટ્રીય યુવા અધ્યક્ષ શ્રી અજયભાઈ વડેરાની માતૃસંસ્થા પ્રત્યેની નિષ્ઠાથી ઉત્સાહભેર માતૃસંસ્થાની સમગ્ર કારોબારીને આવકારવા ઉત્સુક છે. કારોબારી સમિતિની બેઠકમાં હાજરી આપવા પધારી રહેલ તમામ સભ્યો માટે ઉતારા માટે સુંદર રૂમોની વ્યવસ્થા જલારામ લૉન, કલેક્ટર ઓફિસ પાસે, આમગાવ રોડ, ગોંદિયા (એવોર્ડ સમારોહ સ્થળ) તથા ધ હોટલ ગ્રાન્ડ સીતા, તિરોરા રોડ, કુડવા, ગોંદિયા, (કારોબારી સમિતિ સ્થળ) ખાતે યજમાનશ્રી દ્વારા કરવામાં આવેલ છે. આપના ગામ / શહેરમાંથી આ મીટીંગમાં પધારી રહેલા સભ્યોએ પણ પોતાનું નામ તથા આવાગમનની વિગતો lmpgondiameet@gmail.com પર ઈમેલથી જાણ કરવી. દરેક રૂમમાં અનુકૂળતા મુજબ બે થી ચાર સભ્યોનો સમાવેશ કરવામાં આવશે. જો કોઈ પણ સભ્યને સ્વતંત્ર રૂમ અપેક્ષિત હોય અથવા તો પરિવારના અન્ય કોઈ સભ્ય સાથે આવતા હોય તો તેમના માટે ધ ગેટવે હોટલ, બાલાઘાટ રોડ, ગોંદિયા, (ટાટા ગૃપ) (રૂમ ચાર્જ રૂા. ૩૦૦૦/- ₹ GST), ધ હોટલ બાબુન ઈન (રૂમ ચાર્જ રૂા. ૧૫૦૦/-) ખાતે વ્યવસ્થા કરેલ છે. આપ ડાયરેક્ટ ઓનલાઈન બુકિંગ કરી શકો છો અથવા તો બુકિંગ સંકલન માટે સંપર્ક સૂત્રો : શ્રી ચંદ્રેશભાઈ માધવાણી મો. 8087757795, શ્રી પ્રશાંતભાઈ વડેરા મો. 9890630168

**મહાપ્રભુજીની બેઠક (ચંપારણ્ય) દર્શન :** તા. ૨૯ ડિસેમ્બર, ૨૦૧૯ ના રોજ મીટીંગ સમાપન અને ભોજન પ્રસાદ બાદ શ્રી વલ્લભપ્રભુજી અને વૈષ્ણવ સમાજ માટે અતિ પવિત્ર અને દર્શનીય જગ્યા ચંપારણ્ય (કે જે ગોંદિયાથી ૨૪૦ કિ.મી.ના અંતરે આવેલ છે અને બસમાં લગભગ પાંચ કલાકની રોડ મુસાફરી છે.) ખાતે મહાપ્રભુજીના દર્શન માટે યજમાનશ્રી દ્વારા લકઝરી બસની વ્યવસ્થા કરવામાં આવશે. ચંપારણ્ય ખાતે અથવા તો ચંપારણ્યની આસપાસ અનુકૂળ સ્થળે રાત્રી ભોજન પ્રસાદ અને રાત્રી વિરામ બાદ સવારે ચંપારણ્ય મુકામે મહાપ્રભુજીની બેઠકજીના દર્શન બાદ અને બપોરના ભોજન પ્રસાદ બાદ લકઝરી બસ દ્વારા સૌને લગભગ એક કલાકના અંતરે આવેલા રાયપુર મુકામે સાનુકૂળ સ્થળે પહોંચતા કરાશે. આ તમામ સભ્યો રાયપુરથી અંદાજિત સાંજે ૫.૦૦ વાગે કે તે પછીના સમયે રેલ / રોડ / હવાઈ યાત્રા માટે યોગ્ય કરવા વિનંતી. ચંપારણ્ય દર્શન માટે લકઝરી બસમાં જોડાવા ઈચ્છતા સભ્યોએ પોતાના નામ શ્રી પ્રકાશભાઈ જસાણી (મો. 9826433900), શ્રી રાજેશભાઈ નથવાણી (મો. 9826165500), શ્રી કરણભાઈ કોટેચા (મો. 9669502502), શ્રી હરીશભાઈ લાખાણી (મો. 9422111769) ને તા. ૧૦ ડિસેમ્બર સુધીમાં નોંધાવવા વિનંતી. ચંપારણ્ય દર્શન માટેની તમામ વ્યવસ્થા સૌજન્ય વડેરા પરિવાર તરફથી કરવામાં આવેલ છે.

## વધુ માહિતી માટે સંપર્ક સૂત્રો :

| | | | | | |
|---|---|---|---|---|---|
| શ્રી નરેન્દ્રભાઈ દાવડા | - | 9373102533 | શ્રી અજયભાઈ વડેરા | - | 9422130757 |
| શ્રી કમલેશભાઈ વસાણી | - | 9422107482 | શ્રી પ્રમોદભાઈ પટેલિયા | - | 9960695551 |
| શ્રી ચંદ્રકાન્તભાઈ પોપટ | - | 9421108888 | સુશ્રી શીલાબેન પોપટ | - | 9421830677 |
| શ્રી નિલેશભાઈ ગઢીયા | - | 8888858000 | શ્રી જયપ્રકાશ વસાણી | - | 9823078301 |
| શ્રી અશોકભાઈ માધવાણી | - | 9372992230 | શ્રી કિશોરભાઈ હાલાણી | - | 9371033056 |
| શ્રી પ્રકાશભાઈ કાથરાણી | - | 9422130549 | શ્રી નંદકિશોર સોનછાત્રા | - | 9421713660 |

હિમાંશુ બી. ઠક્કર / પિયુષ જી. ગંઠા (મંત્રીઓ)



# વર્ષ ૨૦૨૦ - ૨૦૨૫ માટેની મધ્યસ્થ મહાસમિતિની રચના બાબત

જય જલારામ... જય રઘુવંશ... જય મહાપરિષદ...

આપ સૌ જાણો છો તેમ સમગ્ર વિશ્વના રઘુવંશીઓની માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની મધ્યસ્થ મહાસમિતિ દર પાંચ વર્ષે વિશ્વભરના મહાજનશ્રીઓ તથા સંસ્થાઓ અને છાત્રાલયોના પ્રતિનિધિત્વ થકી નવરચના પામે છે. આ મધ્યસ્થ મહાસમિતિમાં પ્રતિનિધિત્વ માટે તમામ સ્થાપિત મહાજનશ્રીઓ દર હજારની વસતીએ એક સભ્ય (વધુમાં વધુ ૩૦) અને ઓછામાં ઓછા ત્રણ વર્ષ પૂર્વેથી રજિસ્ટર્ડ હોય તેવી ફક્ત અને ફક્ત જ્ઞાતિસંસ્થાઓ / છાત્રાલયો એક પ્રતિનિધિની ભલામણ કરી શકે છે.

વર્ષ ૨૦૧૫ માં માતૃસંસ્થાના પૂર્વ પ્રમુખ શ્રી યોગેશભાઈ લાખાણીના વડપણ હેઠળ રચાયેલ મધ્યસ્થ મહાસમિતિની મુદત ૩-૭-૨૦૨૦ ના રોજ પૂર્ણ થવા જઈ રહી છે ત્યારે માતૃસંસ્થાના વર્તમાન પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકના નેતૃત્વ હેઠળ **વર્ષ ૨૦૨૦ - ૨૦૨૫ ની** મધ્યસ્થ મહાસમિતિની રચના માટે આપના મહાજનશ્રી / સંસ્થાના પ્રતિનિધિત્વ માટેનું ફોર્મ અગાઉની મધ્યસ્થ મહાસમિતિમાં નોંધાયેલ તેમજ તે સિવાય દરેક વિભાગના ઉપપ્રમુખશ્રીઓ દ્વારા પ્રાપ્ત થયેલ વિગતો અનુસાર તમામ મહાજનશ્રીઓ તથા સંસ્થાઓને મોકલી આપવામાં આવેલ છે જે તમામ જરૂરી બિડાણો સાથે નીતિ-નિયમોને આધિન **મોડામાં મોડું તા. ૧૦ ડિસેમ્બર, ૨૦૧૯ સુધીમાં** માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના મધ્યસ્થ કાર્યાલય પર પહોંચતું કરવા નમ્ર વિનંતી. જો કોઈ પણ મહાજનશ્રીને આ ફોર્મ પ્રાપ્ત ન થયું હોય તો સત્વરે મધ્યસ્થ કાર્યાલય પર અથવા તો વિભાગીય ઉપપ્રમુખશ્રીને જાણ કરવા વિનંતી. શ્રી લોહાણા મહાપરિષદની વિવિધ રચનાત્મક અને સેવાકીય પ્રવૃત્તિઓમાં તન, મન અને ધનથી પોતાનું યોગદાન આપી શકે અને અન્ય માટે પ્રેરણારૂપ બની શકે તેવા સભ્યશ્રીઓ / યુવાઓ / મહિલાઓની ભલામણ કરવા નમ્ર નિવેદન છે. અધૂરી માહિતી કે જરૂરી બિડાણો વિનાના તેમજ નીતિ-નિયમોને આધિન સુસંગત ન થતાં ફોર્મ રદપાત્ર થશે તેની નોંધ લેશો.

આપશ્રી દ્વારા પ્રાપ્ત થયેલ અને માન્ય ઠરેલ ફોર્મને કાયમી નંબર ફાળવવામાં આવશે જે આગામી સમયમાં તમામ પત્રવ્યવહાર અને માતૃસંસ્થા સાથેના સંકલનમાં ઉપયોગમાં લેવાશે. માતૃસંસ્થાના કાર્યાલય પર જે પ્રમાણે ફોર્મ પ્રાપ્ત થશે તે જ ક્રમમાં યોગ્ય ખરાઈ બાદ વિભાગ પ્રમાણે તમામ મહાજનશ્રીઓ તથા સંસ્થાઓને ક્રમશઃ નંબર ફાળવવામાં આવશે. આપને ફાળવાયેલ નંબરની જાણ મધ્યસ્થ કાર્યાલયથી યોગ્ય માધ્યમથી કરવામાં આવશે. આ અંગે કોઈપણ માહિતી, માર્ગદર્શન કે ખુલાસા માટે પત્રવ્યવહાર કે ઈમેલ lmpmms2020@gmail.com પર કરવા અથવા કાર્યાલય મંત્રી શ્રી જીતેન્દ્રભાઈ કારીયા (મો. ૯૭૨૨૯૦૦૯૦૦) નો સંપર્ક કરવા વિનંતી.

આપના સતત સાથ સહકારની અપેક્ષા સહ...

- હિમાંશુ બી. ઠક્કર / પિયુષ જી. ગંઠા

મંત્રીઓ

RNI NO. : GUJ/GUJ/2011/44815
'Registered under Postal Registration No. AHD-C/11/2016-2018 valid upto 31st December-2018
issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month'
Date of Publication : 5th July 2019




If Undelivered return to:
**President, Printer and Publisher :** Pravin Kotak, **Editor :** Chandrakant Tanna
**Place of Publication : Shree Lohana Mahaparishad,** Iscon Mega Mall - Basement, Near Iscon Temple, S G Highway, Ahmedabad - 380059 (Ph.) 079-40091005
**Printing Press :** Print Vision Pvt. Ltd., Print Vision House, Lane, Opp. Central Bank of India, Ambawadi, Ahmedabad - 380 006 (Gujarat)